અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૬

### -: પ્રકાશક :-

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

[hajinajitrust@gmail.com](mailto:hajinajitrust@gmail.com)

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૪ | સૂર-એ-નિસાઅ<br>(આયત ૧૪૮ થી ૧૭૬) | ૪ |
| ૫ | સૂર-એ-માએદહ<br>(આયત ૧ થી ૮૨) | 30 |

لَا يُحِبُّ اللّٰهُ الْجَهْرَ بِالسُّوْٓءِ مِنَ الْقَوْلِ اِلَّا مَنْ ظُلِمَ ؕ وَكَانَ
اللّٰهُ سَمِيْعًا عَلِيْمًا (١٤٨)

(૧૪૮) કોઇ ખુલ્લી રીતે કોઇને માટે બૂરૂં બોલે તે અલ્લાહ પસંદ કરતો નથી, સિવાય કે જેના ઉપર અન્યાય કરવામાં આવ્યો હોય; અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

اِنْ تُبْدُوْا خَيْرًا اَوْ تُخْفُوْهُ اَوْ تَعْفُوْا عَنْ سُوْٓءٍ فَاِنَّ اللّٰهَ كَانَ
عَفُوًّا قَدِيْرًا ﴿١٤٩﴾

(૧૪૯) જો તમે કોઇ નેકી જાહેરમાં કરો અથવા છુપી રીતે કરો અથવા કોઇ બૂરાઇથી દરગુજર કરો

તો નિસંશય અલ્લાહ પણ મહાન દરગુજર કરનાર (અને) સત્તાવાન છે.

اِنَّ الَّذِيۡنَ يَكۡفُرُوۡنَ بِاللّٰهِ وَرُسُلِهٖ وَيُرِيۡدُوۡنَ اَنۡ يُّفَرِّقُوۡا بَيۡنَ
اللّٰهِ وَرُسُلِهٖ وَيَقُوۡلُوۡنَ نُؤۡمِنُ بِبَعۡضٍ وَّنَكۡفُرُ بِبَعۡضٍ ۙ
وَّيُرِيۡدُوۡنَ اَنۡ يَّتَّخِذُوۡا بَيۡنَ ذٰ لِكَ سَبِيۡلًا ۙ﴿۱۵۰﴾

(૧૫૦) બેશક જે લોકો અલ્લાહનો તથા તેના રસૂલોનો ઇન્કાર કરે છે તથા અલ્લાહ અને તેના રસૂલો વચ્ચે જુદાઇ પાડવા ઇચ્છે છે અને કહે છે કે અમે કેટલાક (રસૂલો)ને માનીએ છીએ અને કેટલાકોનો ઇન્કાર કરીએ છીએ, અને તેઓ આ

બંને (કુફ્ર તથા ઇમાન) વચ્ચેનો (બીજો) એક માર્ગ ગ્રહણ કરવા ઇચ્છે છે:

أُولَٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ۚ وَاَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ﴿١٥١﴾

(૧૫૧) તેઓજ ખરેખરા નાસ્તિક છે; અને અમોએ નાસ્તિકો માટે નામોશી ભર્યો અઝાબ તૈયાર કર્યો છે.

وَالَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ وَلَمْ يُفَرِّقُوْا بَيْنَ اَحَدٍ مِّنْهُمْ أُولَٰٓئِكَ سَوْفَ يُؤْتِيْهِمْ اُجُوْرَهُمْ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿١٥٢﴾

(૧૫૨) અને જેઓ અલ્લાહ તથા તેના (સઘળા) રસૂલો પર (એક સરખી રીતે) ઇમાન લાવ્યા છે

અને તે (રસૂલો)માંથી કોઇની વચ્ચે ભેદભાવ રાખતા નથી તો તે (અલ્લાહ) તેમને તેમનો બદલો નજીકમાં અપાશે; અને અલ્લાહ મહાન ક્ષમા કરનાર (અને) દયા કરનાર છે.

يَسْـَٔلُكَ اَهْلُ الْكِتٰبِ اَنْ تُنَزِّلَ عَلَيْهِمْ كِتٰبًا مِّنَ السَّمَآءِ
فَقَدْ سَاَلُوْا مُوْسٰٓى اَكْبَرَ مِنْ ذٰلِكَ فَقَالُوْٓا اَرِنَا اللّٰهَ جَهْرَةً
فَاَخَذَتْهُمُ الصّٰعِقَةُ بِظُلْمِهِمْ ۚ ثُمَّ اتَّخَذُوا الْعِجْلَ مِنْۢ بَعْدِ
مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ فَعَفَوْنَا عَنْ ذٰلِكَ ۚ وَاٰتَيْنَا مُوْسٰى
سُلْطٰنًا مُّبِيْنًا ﴿١٥٣﴾

(૧૫૩) (અય રસૂલ) કિતાબવાળાઓ તારાથી સવાલ કરે છે કે તું આકાશ પરથી તેમના ઉપર

કોઇ કિતાબ ઉતારી લાવે; તો ખરેજ મૂસાને (પણ) તેઓ આ કરતાંય ભારે સવાલ કરી ચૂક્યા છે, અર્થાત તેમણે કહ્યું હતું કે અમને અલ્લાહ પ્રત્યક્ષ દેખાડી દે; જેથી તેમના (આ) ઝુલ્મના કારણે તેમને વીજળી (ના કડાકા) એ પકડી પાડ્યા. વળી તેમની પાસે (તૌહીદના) પ્રત્યક્ષ પુરાવા આવી ગયા પછી પણ તેઓ વાછરડું પૂજવા લાગ્યા, છતાં અમોએ તે (ગુનાહ)થી પણ દરગુજર કરી; અને મૂસાને ખુલ્લી સત્તા અર્પણ કરી.

وَرَفَعۡنَا فَوۡقَهُمُ الطُّوۡرَ بِمِيۡثَاقِهِمۡ وَقُلۡنَا لَهُمُ ادۡخُلُوا
الۡبَابَ سُجَّدًا وَّقُلۡنَا لَهُمۡ لَا تَعۡدُوۡا فِي السَّبۡتِ وَاَخَذۡنَا مِنۡهُمۡ
مِّيۡثَاقًا غَلِيۡظًا ﴿١٥٤﴾

(૧૫૪) અને તેમનાથી વચન લેવા માટે તેમના પર તે (સીના) પર્વતને ઊંચો કરી (ધરી રાખ્યો) અને તેમને અમોએ કહ્યું કે (આ શહેરના) દરવાઝામાંથી સિજદો કરતા દાખલ થાઓ તથા તેમને (આ પણ) કહ્યું કે "સબ્ત" (શનિવારના દિવસ)માં અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરો નહિ; અને (આ વિશે) અમોએ તેમની પાસેથી દ્રઢ વચન લીધું હતું.

فَبِمَا نَقۡضِهِمۡ مِّيۡثَاقَهُمۡ وَكُفۡرِهِمۡ بِاٰيٰتِ اللّٰهِ وَقَتۡلِهِمُ
الۡاَنۡۢبِيَآءَ بِغَيۡرِ حَقٍّ وَّقَوۡلِهِمۡ قُلُوۡبُنَا غُلۡفٌ ؕ بَلۡ طَبَعَ اللّٰهُ
عَلَيۡهَا بِكُفۡرِهِمۡ فَلَا يُؤۡمِنُوۡنَ اِلَّا قَلِيۡلًا ۖ﴿۱۵۵﴾

(૧૫૫) પછી તેઓના પોતાના વચન ભંગ કરવાના કારણે અને અલ્લાહની આયતોનો ઇન્કાર કરવાના કારણે અને નબીઓને વિના કારણે મારી નાખવાના કારણે (અમોએ પણ તેમને ફિટકાર્યા); વળી તેમના આ બોલો કહેવાના કારણે કે "અમારા અંતઃકરણો પર પડદો છે," (જો કે તેમ નથી) બલ્કે અલ્લાહે તેમના નાસ્તિકપણાના કારણે તેમના અંતઃકરણો પર મહોર લગાડી દીધી છે, માટે

તેઓમાંથી ઘણાં થોડાક સિવાય ઇમાન લાવશે નહિ.

وَّبِكُفۡرِهِمۡ وَقَوۡلِهِمۡ عَلٰى مَرۡيَمَ بُهۡتَانًا عَظِيۡمًا ﴿١٥٦﴾

(૧૫૬) વળી તેમની નાફરમાનીના કારણે અને મરિયમ ઉપર ગંભીર આળ મૂકવાના કારણેઃ

وَّقَوۡلِهِمۡ اِنَّا قَتَلۡنَا الۡمَسِيۡحَ عِيۡسَى ابۡنَ مَرۡيَمَ رَسُوۡلَ اللّٰهِ‌ ۚ وَمَا قَتَلُوۡهُ وَمَا صَلَبُوۡهُ وَلٰـكِنۡ شُبِّهَ لَهُمۡ‌ ؕ وَاِنَّ الَّذِيۡنَ اخۡتَلَفُوۡا فِيۡهِ لَفِىۡ شَكٍّ مِّنۡهُ‌ ؕ مَا لَهُمۡ بِهٖ مِنۡ عِلۡمٍ اِلَّا اتِّبَاعَ الظَّنِّ‌ ۚ وَمَا قَتَلُوۡهُ يَقِيۡنًا ۢ ﴿١٥٧﴾

(૧૫૭) અને તેમના આ કહેવાના કારણે કે નિસંશય અમોએ અલ્લાહના રસૂલ મરિયમના પુત્ર,

ઇસા, મસીહને મારી નાખ્યો છે, જો કે તેમણે તેને ન મારી નાખ્યો અને ન શૂળીએ ચઢાવ્યો પરંતુ તેમને તે (ઇસા)ના જેવો લાગ્યો હતો; અને નિસંશય જે લોકો આ બાબતમાં મતભેદ કરે છે (અને સમજે છે કે ઇસાને શૂળી પર ચઢાવવામાં આવ્યો) તો આ બાબતમાં ખરેજ તેઓ મોટી શંકામાં (પડ્યા) છે; કેવળ ગુમાનના અનુકરણ સિવાય તેમને આ (બાબત)માં કાંઇ જ્ઞાન નથી, અને આ તો ખાત્રીપૂર્વક છે કે તેમણે તેને કત્લ કર્યો નથીઃ

بَلْ رَّفَعَهُ اللّٰهُ اِلَيْهِ ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ﴿١٥٨﴾

(૧૫૮) બલ્કે તેને અલ્લાહે પોતાની તરફ ઊંચકી લીધો છે; અને અલ્લાહ ઝબરદસ્ત હિકમતવાળો છે.

وَاِنۡ مِّنۡ اَهۡلِ الۡكِتٰبِ اِلَّا لَيُؤۡمِنَنَّ بِهٖ قَبۡلَ مَوۡتِهٖ‌ ۚ وَيَوۡمَ الۡقِيٰمَةِ يَكُوۡنُ عَلَيۡهِمۡ شَهِيۡدًا ‏﴿۱۵۹﴾

(૧૫૯) અને કિતાબવાળાઓમાંથી કોઇપણ એવો નહિ હશે કે જે (મસીહ)ના મરણ પહેલાં તેના પર ઇમાન નહિ લાવે, અને કયામતના દિવસે તે (મસીહ) તેમની વિરૂધ્ધ સાક્ષી આપશે.

فَبِظُلۡمٍ مِّنَ الَّذِيۡنَ هَادُوۡا حَرَّمۡنَا عَلَيۡهِمۡ طَيِّبٰتٍ اُحِلَّتۡ لَهُمۡ وَبِصَدِّهِمۡ عَنۡ سَبِيۡلِ اللّٰهِ كَثِيۡرًا ۙ‏ ﴿۱۶۰﴾

(૧૬૦) પછી યહૂદીઓના ઝુલ્મોના કારણે તેમના માટે જે હલાલ વસ્તુઓ હતી તેમાંથી ઘણીએ વસ્તુઓ તેમના માટે અમોએ હરામ કરી નાખી, તેમજ ઘણા લોકોને અલ્લાહના માર્ગથી રોકવાના કારણે પણઃ

وَّاَخۡذِهِمُ الرِّبٰوا وَقَدۡ نُهُوۡا عَنۡهُ وَاَكۡلِهِمۡ اَمۡوَالَ النَّاسِ
بِالۡبَاطِلِ‌ؕ وَاَعۡتَدۡنَا لِلۡكٰفِرِيۡنَ مِنۡهُمۡ عَذَابًا اَلِيۡمًا ﴿۱۶۱﴾

(૧૬૧) અને વ્યાજ ખાવાના કારણે, જો કે તેની તેમને ખચીતજ મનાઇ કરવામાં આવી હતી અને લોકોનો માલ ગેરવાજબી રીતે ખાઇ જવાના કારણે (ઘણી પાક વસ્તુઓ તેમના માટે હરામ કરી

દીધી); અને તેઓમાં જે ઇન્કાર કરનારા છે તેમના માટે અમોએ દુઃખદાયક અઝાબ તૈયાર રાખ્યો છે.

لٰكِنِ الرّٰسِخُوْنَ فِي الْعِلْمِ مِنْهُمْ وَالْمُؤْمِنُوْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَالْمُقِيْمِيْنَ الصَّلٰوةَ وَالْمُؤْتُوْنَ الزَّكٰوةَ وَالْمُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ اُولٰٓئِكَ سَنُؤْتِيْهِمْ اَجْرًا عَظِيْمًا ﴿١٦٢﴾

(૧૬૨) પરંતુ તેઓમાંથી જેઓ ધાર્મિક જ્ઞાનમાં પ્રવીણ છે તથા જેઓ ઇમાન ધરાવનારા છે તેઓ જે કાંઇ તારા પર ઉતારવામાં આવ્યું છે તેને અને જે કાંઇ તારી પહેલાં ઉતારવામાં આવ્યું છે તેને માને છે અને નમાઝ પઢનારા તથા ઝકાત

આપનારા અને અલ્લાહ તથા કયામતના દિવસ પર ઇમાન લાવનારા છે તેમને જ અમે નઝદીકમાં ઘણો મોટો બદલો આપનાર છીએ

إِنَّآ أَوۡحَيۡنَآ إِلَيۡكَ كَمَآ أَوۡحَيۡنَآ إِلَىٰ نُوحٖ وَٱلنَّبِيِّـۧنَ مِنۢ بَعۡدِهِۦۚ
وَأَوۡحَيۡنَآ إِلَىٰٓ إِبۡرَٰهِيمَ وَإِسۡمَٰعِيلَ وَإِسۡحَٰقَ وَيَعۡقُوبَ
وَٱلۡأَسۡبَاطِ وَعِيسَىٰ وَأَيُّوبَ وَيُونُسَ وَهَٰرُونَ وَسُلَيۡمَٰنَۚ
وَءَاتَيۡنَا دَاوُۥدَ زَبُورٗا ١٦٣

(૧૬૩) નિસંશય અમોએ તારા ઉપર એવી રીતે વહી મોકલી છે કે જેવી રીતે નૂહ પર અને તેના પછીના નબીઓ પર મોકલી હતી. અને જેવી રીતે અમોએ ઇબ્રાહીમ તથા ઇસ્માઇલ તથા ઇસ્હાક

તથા યાકૂબ તથા અસ્બાત (ઇસરાઇલના વંશજો) તથા ઇસા તથા ઐયુબ તથા યુનુસ તથા હારૂન તથા સુલયમાન પર વહી મોકલી હતી, અને દાઉદને અમોએ ઝબૂર અર્પણ કરી હતી.

وَرُسُلًا قَدْ قَصَصْنٰهُمْ عَلَيْكَ مِنْ قَبْلُ وَرُسُلًا لَّمْ نَقْصُصْهُمْ عَلَيْكَ ۭ وَكَلَّمَ اللّٰهُ مُوْسٰى تَكْلِيْمًا ١٦٤

(૧૬૪) અને (બીજા) રસૂલો (ઉપર પણ કે) જેમના કિસ્સા અમે તને પહેલાં વર્ણવી ચૂક્યા છીએ અને એવા રસૂલો પણ કે જેમના કિસ્સા અમે તને (હજી) વર્ણવ્યા નથી. અને મૂસા સાથે અલ્લાહે વાતો કરવા જોગ વાતો કરી.

رُسُلًا مُّبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ عَلَى اللّٰهِ حُجَّةٌۢ

بَعْدَ الرُّسُلِ ۭ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ١٦٥

(૧૬૫) આ રસૂલો (ને અમોએ) ખુશખબર આપનારા તથા ડરાવનારા (બનાવી મોકલ્યા) હતા કે જેથી રસૂલો આવ્યા બાદ અલ્લાહના શીરે માણસોની કોઇ દલીલ ન રહેવા પામે; અને અલ્લાહ ઝબરદસ્ત (અને) હીકમતવાળો છે.

لٰكِنِ اللّٰهُ يَشْهَدُ بِمَآ اَنْزَلَ اِلَيْكَ اَنْزَلَهٗ بِعِلْمِهٖ ۚ وَالْمَلٰۗىِٕكَةُ

يَشْهَدُوْنَ ۭ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ١٦٦ۙ

(૧૬૬) (અય રસૂલ! અગર કિતાબવાળા ન માને તો પણ) અલ્લાહે તારા પર જે કાંઇ ઉતાર્યું છે

તેની સાક્ષી આપે છે કે તે તેણે પોતાની જાણથી ઉતાર્યું છે, અને ફરિશ્તાઓ પણ (એ વાતની) સાક્ષી આપે છે; અને અલ્લાહની સાક્ષી પૂરતી છે.

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا وَصَدُّوۡا عَنۡ سَبِيۡلِ اللّٰهِ قَدۡ ضَلُّوۡا ضَلٰلًاۢ

بَعِيۡدًا ﴿۱۶۷﴾

(૧૬૭) બેશક જે લોકો ઇમાન નથી લાવ્યા અને જેઓ (બીજા લોકોને) અલ્લાહના માર્ગથી રોકે છે તેઓ ખરેજ ગુમરાહ થઇ ઘણે દૂર ભટકી ગયા છે.

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا وَظَلَمُوۡا لَمۡ يَكُنِ اللّٰهُ لِيَـغۡفِرَ لَهُمۡ وَلَا

لِيَهۡدِيَهُمۡ طَرِيۡقًا ۙ﴿۱۶۸﴾

(૧૬૮) નિસંશય જે લોકોએ નાસ્તિકપણું ધારણ કર્યું તથા ઝુલ્મ પણ કર્યો તેમને અલ્લાહ હરગિઝ માફ કરશે નહિ અને ન તેમને કોઇ માર્ગની હિદાયત કરશે:

اِلَّا طَرِيْقَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿١٦٩﴾

(૧૬૯) સિવાય કે જહન્નમના માર્ગની કે જેમાં તેઓ સદાને માટે રહેશે; અને અલ્લાહને માટે આ સરળ છે.

يٰۤاَيُّهَا النَّاسُ قَدۡ جَآءَكُمُ الرَّسُوۡلُ بِالۡحَـقِّ مِنۡ رَّبِّكُمۡ فَاٰمِنُوۡا
خَيۡرًا لَّـكُمۡ‌ ؕ وَاِنۡ تَكۡفُرُوۡا فَاِنَّ لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ ؕ
وَكَانَ اللّٰهُ عَلِيۡمًا حَكِيۡمًا‏ ﴿۱۷۰﴾

(૧૭૦) અય લોકો! ખરેખર (આ) રસૂલ (મોહમ્મદ સ.અ.વ.) તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે સત્ય (ધર્મ) લઇને આવ્યો છે માટે તેના પર ઇમાન લાવો, (એ) તમારા માટે બેહતર છે; પણ જો તમે ઇમાન નહિ લાવો તો નિસંશય આકાશો તથા ઝમીનમાં જે કાંઇ છે તે સર્વ અલ્લાહનું છે; અને અલ્લાહ સર્વજ્ઞ (તથા) હિકમતવાળો છે.

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ لَا تَغۡلُواْ فِي دِينِكُمۡ وَلَا تَقُولُواْ عَلَى ٱللَّهِ إِلَّا

ٱلۡحَقَّۚ إِنَّمَا ٱلۡمَسِيحُ عِيسَى ٱبۡنُ مَرۡيَمَ رَسُولُ ٱللَّهِ وَكَلِمَتُهُۥٓ

أَلۡقَىٰهَآ إِلَىٰ مَرۡيَمَ وَرُوحٞ مِّنۡهُۖ فَـَٔامِنُواْ بِٱللَّهِ وَرُسُلِهِۦۖ وَلَا

تَقُولُواْ ثَلَٰثَةٌۚ ٱنتَهُواْ خَيۡرٗا لَّكُمۡۚ إِنَّمَا ٱللَّهُ إِلَٰهٞ وَٰحِدٞۖ سُبۡحَٰنَهُۥٓ

أَن يَكُونَ لَهُۥ وَلَدٞۘ لَّهُۥ مَا فِي ٱلسَّمَٰوَٰتِ وَمَا فِي ٱلۡأَرۡضِۗ وَكَفَىٰ

بِٱللَّهِ وَكِيلٗا ﴿١٧١﴾

(૧૭૧) અય કિતાબવાળાઓ! તમારા દીનના સબંધમાં અતિશયોક્તિ કરો નહિ અને અલ્લાહના સંબંધમાં સત્ય સિવાય બીજું કાંઇ પણ કહો નહિ; મસીહ, મરિયમનો પુત્ર ઇસા અલ્લાહના એક રસૂલ

સિવાય અન્ય કોઇ નથી અને તે માત્ર તે (અલ્લાહ)નો એક (આજ્ઞાર્થક) બોલ ("કુન") છે, જેને તેણે મરિયમ તરફ ફેંક્યો હતો અને તેની પૈદા કરેલી એક રૂહ (આત્મા) છે; માટે અલ્લાહ તથા તેના રસૂલો પર ઇમાન લાવો, અને "સલાસા" (ત્રણ ખુદા) છે એમ કહો નહિ, (અને એમ કહેવાથી) બચો એ તમારા માટે બેહતર છે; અલ્લાહ તો એક એકલો માઅબૂદ છે; તે એથી પાક છે કે તેને કોઇ પુત્ર હોય; આકાશો તથા ઝમીનમાં જે કાંઇ છે તે તેનું જ છે; અને અલ્લાહ કાર્યસાધકતા માટે બસ છે.

لَنۡ يَّسۡتَنۡكِفَ الۡمَسِيۡحُ اَنۡ يَّكُوۡنَ عَبۡدًا لِّلّٰهِ وَلَا الۡمَلٰٓـئِكَةُ
الۡمُقَرَّبُوۡنَ ؕ وَمَنۡ يَّسۡتَنۡكِفۡ عَنۡ عِبَادَتِهٖ وَيَسۡتَكۡبِرۡ
فَسَيَحۡشُرُهُمۡ اِلَيۡهِ جَمِيۡعًا ﴿۱۷۲﴾

(૧૭૨) મસીહ અલ્લાહનો બંદો બનવામાં હરગિઝ હલકાઇ સમજતો નથી તેમજ નિકટના ફરિશ્તાઓ પણ; અને જે કોઇ તે (એક અલ્લાહ)ની ઇબાદત કરવાને હલકાઇ ગણે છે અને અહંકાર કરે છે તો નજીકમાં જ તે તેમને પોતાની પાસે ભેગા કરી લેશે.

فَاَمَّا الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيۡهِمۡ اُجُوۡرَهُمۡ
وَيَزِيۡدُهُمۡ مِّنۡ فَضۡلِهٖ ۚ وَاَمَّا الَّذِيۡنَ اسۡتَنۡكَفُوۡا وَاسۡتَكۡبَرُوۡا

فَيُعَذِّبُهُمْ عَذَابًا اَلِيْمًا ۙ وَّلَا يَجِدُوْنَ لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ وَلِيًّا
وَّلَا نَصِيْرًا ﴿١٧٣﴾

(૧૭૩) પછી જે લોકો ઇમાન લાવ્યા છે તથા સત્કાર્યો કરે છે તેમને તે તેના બદલા પૂરે પૂરા આપશે, વળી પોતાની કૃપાથી તેમને કાંઇ વધારી પણ આપશે; અને જે લોકો (અલ્લાહના બંદા હોવામાં) હલકાઇ ગણે છે અને અભિમાન કરે છે તો તે તેમને દુ:ખદાયક અઝાબ આપશે. અને અલ્લાહ સિવાય તેઓ અન્ય કોઇને પોતાનો મિત્ર કે મદદગાર જોશે નહિ.

يَاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمْ بُرْهَانٌ مِّنْ رَّبِّكُمْ وَاَنْزَلْنَآ اِلَيْكُمْ
نُوْرًا مُّبِيْنًا ﴿١٧٤﴾

(૧૭૪) અય લોકો! બેશક તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી (સત્ય ધર્મની ખુલ્લી) દલીલ આવી ચૂકી છે અને અમોએ તમારા તરફ સત્ય ખુલ્લું કરી દેખાડી દેનાર નુર (કુરઆન) ઉતાર્યું છે.

فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَاعْتَصَمُوْا بِهٖ فَسَيُدْخِلُهُمْ فِيْ رَحْمَةٍ
مِّنْهُ وَفَضْلٍ ۙ وَّيَهْدِيْهِمْ اِلَيْهِ صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿١٧٥﴾

(૧૭૫) પછી જે લોકો અલ્લાહ પર ઇમાન લાવ્યા તથા તે (કુરઆન)ને દ્રઢતાપૂર્વક વળગી રહ્યા,

તેમને નઝદીકમાં તે પોતાની દયા તથા કૃપામાં દાખલ કરશે અને તેમને પોતાની તરફનો સીધો માર્ગ દેખાડશે.

يَسۡتَفۡتُوۡنَكَ ؕ قُلِ اللّٰهُ يُفۡتِيۡكُمۡ فِى الۡكَلٰلَةِ ؕ اِنِ امۡرُؤٌا هَلَكَ
لَيۡسَ لَهٗ وَلَدٌ وَّلَهٗۤ اُخۡتٌ فَلَهَا نِصۡفُ مَا تَرَكَ ۚ وَهُوَ يَرِثُهَاۤ اِنۡ
لَّمۡ يَكُنۡ لَّهَا وَلَدٌ ؕ فَاِنۡ كَانَتَا اثۡنَتَيۡنِ فَلَهُمَا الثُّلُثٰنِ مِمَّا
تَرَكَ ؕ وَاِنۡ كَانُوۡۤا اِخۡوَةً رِّجَالًا وَّنِسَآءً فَلِلذَّكَرِ مِثۡلُ حَظِّ
الۡاُنۡثَيَيۡنِ ؕ يُبَيِّنُ اللّٰهُ لَكُمۡ اَنۡ تَضِلُّوۡا ؕ وَاللّٰهُ بِكُلِّ شَىۡءٍ
عَلِيۡمٌ ﴿۱۷۶﴾

(૧૭૬) (અય રસૂલ !) તેઓ તારી પાસે ફત્વો માગે છે; તું કહે કે અલ્લાહ તમને "કલાલહ"ના સંબંધમાં ફત્વો આપે છે; કે જો કોઇ પુરૂષ અવલાદ (અથવા માં-બાપ) વિના મરણ પામે અને તેની (માત્ર) એક બહેન હોય તો તેને જે તે મૂકી જાય તેનો અર્ધો ભાગ મળશે, અને એવીજ રીતે તે શખ્સ તે બહેનનો વારસ થશે જો તેણીને અવલાદ (અથવા માં-બાપ) નહિ હોય; પણ જો બે બહેનો હોય તો બંનેને જે તે મૂકી જાય તેનો બે તૃતિયાંશ ભાગ મળશે; અને જો ભાઇ બહેનો હોય તો પુરૂષને બે સ્ત્રીઓની બરાબર મળશે; અલ્લાહ તમારા માટે (આ) એ કારણે સ્પષ્ટ કરીને વર્ણવે છે કે તમે

ભટકી જાઓ નહિ; અને અલ્લાહ દરેક વસ્તુથી ખબરદાર છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

یٰۤاَیُّہَا الَّذِیۡنَ اٰمَنُوۡۤا اَوۡفُوۡا بِالۡعُقُوۡدِ ۬ؕ اُحِلَّتۡ لَکُمۡ بَہِیۡمَۃُ
الۡاَنۡعَامِ اِلَّا مَا یُتۡلٰی عَلَیۡکُمۡ غَیۡرَ مُحِلِّی الصَّیۡدِ وَاَنۡتُمۡ
حُرُمٌ ؕ اِنَّ اللّٰہَ یَحۡکُمُ مَا یُرِیۡدُ ①

(૧) અય ઇમાન લાવનારાઓ! (આપેલા) વાયદા પૂરા કરો, ચોપગા જાનવરો તમારા માટે હલાલ કરવામાં આવ્યા છે સિવાય કે જે (ની મનાઇ) તમને વાંચી સંભળાવવામાં આવી છે; પણ જ્યારે

તમે એહરામની (હજના વસ્ત્રો પરિધાન કરેલી) હાલતમાં હો તો શિકાર (કરવા)ને હલાલ સમજશો નહિ; બેશક અલ્લાહ જેવો ચાહે છે તેવો હુકમ આપે છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تُحِلُّوۡا شَعَآئِرَ اللّٰهِ وَلَا الشَّهۡرَ الۡحَرَامَ وَلَا
الۡهَدۡىَ وَلَا الۡقَلَٓائِدَ وَلَاۤ آٰمِّيۡنَ الۡبَيۡتَ الۡحَرَامَ يَبۡتَغُوۡنَ
فَضۡلًا مِّنۡ رَّبِّهِمۡ وَرِضۡوَانًا ؕ وَاِذَا حَلَلۡتُمۡ فَاصۡطَادُوۡا ؕ وَلَا
يَجۡرِمَنَّكُمۡ شَنَاٰنُ قَوۡمٍ اَنۡ صَدُّوۡكُمۡ عَنِ الۡمَسۡجِدِ الۡحَرَامِ اَنۡ
تَعۡتَدُوۡا ۘ وَتَعَاوَنُوۡا عَلَى الۡبِرِّ وَالتَّقۡوٰى ۖ وَلَا تَعَاوَنُوۡا عَلَى
الۡاِثۡمِ وَالۡعُدۡوَانِ ۖ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِيۡدُ الۡعِقَابِ ﴿٢﴾

(૨) અય ઇમાન લાવનારાઓ! અલ્લાહની (નક્કી કરેલી) નિશાનીઓની અવગણના ન કરો અને ન હુરમતવાળા મહીનાની અને ન ભેટ ધરેલી કુરબાનીની અને ન ચટાપટાવાળી (ખાસ પ્રકારના નિશાન કરેલી) કુરબાનીની અને ન તે લોકોની કે જેઓ પોતાના પરવરદિગારની મહેરબાની તથા તેની ખુશી મેળવવાની ઇચ્છાથી તે હુરમતવાળા ઘર તરફ જતા હોય; અને જ્યારે તમે એહરામ ઉતારી નાખો ત્યારે (ભલે) શિકાર કરો; અને કોઇ કોમે તમને મસ્જિદુલ હરામથી રોક્યા તેથી તે (કોમ) પ્રતિ (ઉત્પન્ન થયેલો) દ્વેષભાવ તમને ઉશ્કેરીને એ વાતનું કારણ ન બને કે તમે

અત્યાચારી બની બેસો; અને નેકી તથા પરહેઝગારીમાં એક બીજાને સહાય કરો, અને ગુનાહ અને શત્રુતામાં એકમેકની સહાય કરો નહિ અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ સખ્ત અઝાબ આપનાર છે.

حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ وَالدَّمُ وَلَحْمُ الْخِنْزِيرِ وَمَآ اُهِلَّ لِغَيْرِ
اللّٰهِ بِهٖ وَالْمُنْخَنِقَةُ وَالْمَوْقُوْذَةُ وَالْمُتَرَدِّيَةُ وَالنَّطِيْحَةُ وَمَآ
اَكَلَ السَّبُعُ اِلَّا مَا ذَكَّيْتُمْ قف وَمَا ذُبِحَ عَلَى النُّصُبِ وَاَنْ
تَسْتَقْسِمُوْا بِالْاَزْلَامِ ط ذٰلِكُمْ فِسْقٌ ط اَلْيَوْمَ يَئِسَ الَّذِيْنَ
كَفَرُوْا مِنْ دِيْنِكُمْ فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِ ط اَلْيَوْمَ اَكْمَلْتُ

لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ

الْاِسْلَامَ دِيْنًا ؕ فَمَنِ اضْطُرَّ فِيْ مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ

لِّاِثْمٍ ۙ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٣

(3) (અય લોકો !) તમારા પર મુરદાર તથા લોહી તથા સુવ્વરનું માંસ હરામ કરવામાં આવ્યું છે, અને તે જાનવર કે જેના (ઝબ્હ કરવા) ઉપર અલ્લાહ સિવાય બીજા કોઇનું નામ લેવામાં આવ્યું હોય, અને જે ગરદન મચડીને મારી નાખવામાં આવ્યું હોય અને જે મારી મારીને મારી નાખવામાં આવ્યું હોય, અને જે ઊંચાણ પરથી પડી મરણ પામ્યું હોય અને જે શીંગડા (લાગવા)થી મરી ગયું હોય,

અને જેને હિંસક પ્રાણીઓએ ફાડી ખાધું હોય સિવાય કે જેને તમોએ (જીવ બાકી હોવાની હાલતમાં) ઝબ્હ કર્યું હોય, અને જે (દેવ દેવીઓની) વેદી પર ઝબ્હ કરવામાં આવ્યું હોય અને એ પણ કે જે શરત લગાવીને બાણો વડે ભાગ પાડી લેવામાં આવ્યું હોય; એ સર્વે આજ્ઞા ભંગ (કરવા સમાન) છે. (અય મુસલમાનો!) આજના દિવસે નાસ્તિકો તમારા દીનથી નિરાશ થઇ ગયા છે માટે તમે તેમનાથી ડરો નહિ અને મારાથી જ ડરો. આજે મેં તમારા માટે તમારો દીન પરીપૂર્ણ કરી દીધો છે અને મારી નેઅમત તમારા પર સંપૂર્ણ કરી દીધી છે અને દીને ઇસ્લામ તમારા માટે

પસંદ કરી લીધો છે; પણ જે કોઇ ભૂખના કારણે વ્યાકુળ બનીને (છતાં) ગુનાહનો હેતુ ન રાખતાં (મજકુર હરામ વસ્તુઓનો ઉપયોગ કરે) તો બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

يَسۡـَٔلُوۡنَكَ مَاذَاۤ اُحِلَّ لَهُمۡ ؕ قُلۡ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ ۙ وَمَا
عَلَّمۡتُمۡ مِّنَ الۡجَوَارِحِ مُكَلِّبِيۡنَ تُعَلِّمُوۡنَهُنَّ مِمَّا عَلَّمَكُمُ
اللّٰهُ ۫ فَكُلُوۡا مِمَّاۤ اَمۡسَكۡنَ عَلَيۡكُمۡ وَاذۡكُرُوا اسۡمَ اللّٰهِ عَلَيۡهِ ۖ
وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَرِيۡعُ الۡحِسَابِ ﴿۴﴾

(૪) (અય રસૂલ!) લોકો તને પૂછે છે કે તેમના માટે શું શું હલાલ કરવામાં આવ્યું છે? તું કહે કે તમારા માટે સઘળી પાક વસ્તુઓ હલાલ કરવામાં

આવી છે, અને તમોએ શિકાર માટે કેળવેલા જાનવરોએ પકડેલા પ્રાણીઓ પણ (હલાલ છે કે જે જાનવરોને તમોએ) અલ્લાહના જણાવ્યા મુજબ કેળવ્યા હોય, માટે તેમણે પકડેલા પ્રાણીઓ પર અલ્લાહનું નામ લઇ (ઝબ્હ કરી) તે ખાઓ; અને અલ્લાહથી ડરતા રહો; નિસંશય અલ્લાહ ઘણો ઝડપી હિસાબ લેનાર છે.

اَلۡيَوۡمَ اُحِلَّ لَـكُمُ الطَّيِّبٰتُ‌ ؕ وَطَعَامُ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ
حِلٌّ لَّـكُمۡ ۖ وَطَعَامُكُمۡ حِلٌّ لَّهُمۡ‌ ۚ وَالۡمُحۡصَنٰتُ مِنَ
الۡمُؤۡمِنٰتِ وَالۡمُحۡصَنٰتُ مِنَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ مِنۡ
قَبۡلِكُمۡ اِذَاۤ اٰتَيۡتُمُوۡهُنَّ اُجُوۡرَهُنَّ مُحۡصِنِيۡنَ غَيۡرَ مُسٰفِحِيۡنَ

وَلَا مُتَّخِذِيٓ اَخْدَانٍ ؕ وَمَنْ يَّكْفُرْ بِالْاِيْمَانِ فَقَدْ حَبِطَ
عَمَلُهٗ ؗ وَهُوَ فِي الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ ۟۵

(૫) આજના દિવસે તમારા પર સઘળી પાક વસ્તુઓ હલાલ કરવામાં આવી છે; અને તે લોકોનો ખોરાક પણ કે જેમને કિતાબ આપવામાં આવી છે તે તમારા માટે હલાલ છે, અને તમારો ખોરાક તેમના માટે હલાલ છે; અને શિયળવંતી મોઅમીન સ્ત્રીઓ અને જેમને તમારી અગાઉ કિતાબ આપવામાં આવી હતી તે માંહેની શિયળવંતી સ્ત્રીઓ પણ (હલાલ છે), એ શરતે કે તમોએ તેમની મહેર આપી દીધી હોય, નિકાહમાં લેવાના હેતુથી, નહિ કે વ્યભિચાર કરવા અથવા

છુપો સંબંધ ધરાવવાના હેતુથી; અને જે કોઇ ઇમાનનો ઇન્કાર કરનાર હશે તેના સઘળા કર્મો એળે જશે, અને તે પરલોકમાં હાનિ ભોગવનારાઓ માંહેનો થશે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا قُمْتُمْ اِلَى الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ وَاَيْدِيَكُمْ اِلَى الْمَرَافِقِ وَامْسَحُوْا بِرُءُوْسِكُمْ وَاَرْجُلَكُمْ اِلَى الْكَعْبَيْنِ ط وَاِنْ كُنْتُمْ جُنُبًا فَاطَّهَّرُوْا ط وَاِنْ كُنْتُمْ مَّرْضٰٓى اَوْ عَلٰى سَفَرٍ اَوْ جَآءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ النِّسَآءَ فَلَمْ تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ مِّنْهُ ط مَا يُرِيْدُ اللّٰهُ لِيَجْعَلَ عَلَيْكُمْ مِّنْ

حَرَجٍ وَّلٰكِنۡ يُّرِيۡدُ لِيُطَهِّرَكُمۡ وَلِيُتِمَّ نِعۡمَتَهٗ عَلَيۡكُمۡ لَعَلَّكُمۡ
تَشۡكُرُوۡنَ۝٦

(૬) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમે નમાઝ માટે તૈયાર થઇ જાઓ ત્યારે તમારા મોંઢાં ધોઇ નાખો અને તમારા હાથ કોણીઓ સુધી (ધુઓ), અને તમારા માથાનો તથા ઘુંટી સુધી (બન્ને) પગનો મસાહ કરી લો, અને જો તમે (નાપાકીની હાલતમાં) સ્નાન કર્યા વિનાના હો તો (પ્રથમ) સ્નાન કરી લો; અને અગર તમે માંદા હો અથવા મુસાફરીમાં હો અથવા તમારામાંથી કોઇ પાયખાનામાંથી આવ્યો હોય અથવા સ્ત્રીસંગ કર્યા હોય પછી જો તમને પાણી ન મળે તો પાક માટી

વડે તયમ્મુમ કરી લો અને તે વડે તમારા મોંઢા તથા તમારા બેઉ હાથનો મસાહ કરી લો; અલ્લાહ તમને અગવડતામાં મુકવા નથી ચાહતો, બલ્કે તે તમને પવિત્ર કરવા તથા તમારા પર પોતાની નેઅમત પૂર્ણ કરવા ચાહે છે કે જેથી તમે આભારી બનો.

وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ وَمِيْثَاقَهُ الَّذِيْ وَاثَقَكُمْ بِهٖٓ ۙ اِذْ قُلْتُمْ سَمِعْنَا وَاَطَعْنَا ۡ وَاتَّقُوا اللّٰهَ ۭ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ⑦

(૭) અને અલ્લાહની જે નેઅમતો તમને (અર્પણ) થઇ છે તેની યાદ કરતા રહો અને તેનું તે વચન

જે તેણે તમારી સાથે પાકું કરી લીધું છે (તે વખતે) જ્યારે તમોએ આ કહી દીધું હતું કે અમોએ સાંભળ્યું અને કબુલ કર્યું (એ પણ યાદ કરતા રહો), અને અલ્લાહથી ડરતા રહો; બેશક અલ્લાહ અંતઃકરણની વાતોથી સંપૂર્ણ માહિતગાર છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ كُونُوا۟ قَوَّٰمِينَ لِلَّهِ شُهَدَآءَ بِٱلْقِسْطِ ۖ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَـَٔانُ قَوْمٍ عَلَىٰٓ أَلَّا تَعْدِلُوا۟ ۚ ٱعْدِلُوا۟ هُوَ أَقْرَبُ لِلتَّقْوَىٰ ۖ وَٱتَّقُوا۟ ٱللَّهَ ۚ إِنَّ ٱللَّهَ خَبِيرٌۢ بِمَا تَعْمَلُونَ ۝٨

(૮) અય ઇમાન લાવનારાઓ! અલ્લાહના માટે ન્યાયસર સાક્ષી બનવાને તૈયાર રહો, અને ખબરદાર! કોઇ કોમની (ગમે તેવી) સખ્ત

દુશ્મનાઇ પણ તમને એ વાત ઉપર ન ઉશ્કેરે કે તમે ન્યાય ન કરો; ન્યાયથી જ વર્તો, તે પરહેઝગારીની વધુ પાસે છે, અને અલ્લાહથી ડરતા રહો; બેશક તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સંપૂર્ણ માહિતગાર છે.

وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۙ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ۝٩

(૯) જેઓ ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો કરે છે તેમને અલ્લાહે વાયદો કર્યો છે કે તેમના માટે ક્ષમા તથા ઘણો મોટો બદલો છે.

وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ۝١٠

(૧૦) અને જે લોકો ઇન્કાર કરનારા છે અને અમારી આયતોને જૂઠલાવે છે તેઓ જહન્નમ વાસીઓ છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اذۡكُرُوۡا نِعۡمَتَ اللّٰهِ عَلَيۡكُمۡ اِذۡ هَمَّ قَوۡمٌ
اَنۡ يَّبۡسُطُوۡۤا اِلَيۡكُمۡ اَيۡدِيَهُمۡ فَكَفَّ اَيۡدِيَهُمۡ عَنۡكُمۡ‌ۚ وَاتَّقُوا
اللّٰهَ‌ ؕ وَعَلَى اللّٰهِ فَلۡيَتَوَكَّلِ الۡمُؤۡمِنُوۡنَ ﴿۱۱﴾

(૧૧) અય ઇમાન લાવનારાઓ! તમારા પરની અલ્લાહની તે બક્ષીશ યાદ કરો કે જ્યારે એક કોમે પોતાના હાથો તમારા તરફ (ઝુલ્મ કરવાના હેતુથી) લંબાવવાનો ઇરાદો કર્યો હતો પણ તેણે તમારાથી તેમના હાથો રોકી દીધા હતા, અને

અલ્લાહથી ડરતા રહો; અને મોઅમીનોએ અલ્લાહ જ ઉપર ભરોસો રાખવો જોઇએ.

وَلَقَدْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ ۚ وَبَعَثْنَا مِنْهُمُ اثْنَيْ
عَشَرَ نَقِيْبًا ۭ وَقَالَ اللّٰهُ اِنِّىْ مَعَكُمْ ۭ لَىِٕنْ اَقَمْتُمُ الصَّلٰوةَ
وَاٰتَيْتُمُ الزَّكٰوةَ وَاٰمَنْتُمْ بِرُسُلِيْ وَعَزَّرْتُمُوْهُمْ وَاَقْرَضْتُمُ
اللّٰهَ قَرْضًا حَسَنًا لَّاُكَفِّرَنَّ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَلَاُدْخِلَنَّكُمْ
جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ فَمَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ مِنْكُمْ
فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ⑫

(૧૨) અને ખરેખર અલ્લાહે બની ઇસરાઇલ પાસેથી વચન લીધું હતું અને તેમનામાં અમોએ

બાર સરદારો ઉભા કર્યા હતા; અને (તેમને) અલ્લાહે ફરમાવ્યું હતું કે બેશક હું તમારી સાથે છું; અગર તમે નમાઝ પઢતા રહેશો તથા ઝકાત આપતા રહેશો તથા મારા રસૂલો પર ઇમાન લાવશો તથા તેમની મદદ કરશો અને અલ્લાહને કર્ઝે હસના આપતા રહેશો તો ખરેખર હું તમારી બૂરાઇઓથી દરગુઝર કરીશ અને તમને જરૂર જન્નતોમાં દાખલ કરીશ, જેની હેઠળ થઇને નદીઓ વહેતી ફરે છે, છતાં ત્યારબાદ તમારામાંથી જે કોઇ (આ આજ્ઞાઓની) અવગણના કરશે તો તે ખરેખર સીધા માર્ગથી ભટકી જશે.

فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ لَعَنّٰهُمْ وَجَعَلْنَا قُلُوْبَهُمْ قٰسِيَةً ۚ
يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ ۙ وَنَسُوْا حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۚ
وَلَا تَزَالُ تَطَّلِعُ عَلٰى خَآئِنَةٍ مِّنْهُمْ اِلَّا قَلِيْلًا مِّنْهُمْ فَاعْفُ
عَنْهُمْ وَاصْفَحْ ۗ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٣﴾

(૧૩) પછી તેમના વચન ભંગ કરવાના કારણે અમોએ તેમના પર ફિટકાર કર્યો અને તેમના અંતઃકરણોને સખત કરી દીધા, કારણ કે તેઓ (અમારા) શબ્દોને તેમના સ્થાનેથી બદલી નાખતા હતા અને જે વસ્તુની તેમને નસીહત કરવામાં આવી હતી તેનો કેટલોક ભાગ ભૂલી ગયા હતા, અને તેઓ માંના થોડાકો સિવાય બીજા

સઘળાઓની કાંઇ નહિ તો એકાદ પણ વિશ્વાસઘાતની ખબર તો તને હંમેશા મળતી જ રહેશે. છતાં તું તેમને માફ કર અને દરગુઝર કર; બેશક અલ્લાહ ઉપકાર કરનારાને દોસ્ત રાખે છે.

وَمِنَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّا نَصٰرٰٓى اَخَذْنَا مِيْثَاقَهُمْ فَنَسُوْا حَظًّا
مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۠ فَاَغْرَيْنَا بَيْنَهُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ اِلٰى يَوْمِ
الْقِيٰمَةِ ؕ وَسَوْفَ يُنَبِّئُهُمُ اللّٰهُ بِمَا كَانُوْا يَصْنَعُوْنَ ۝۱۴

(૧૪) અને તે લોકોમાંથી જેઓ એમ કહે છે કે અમે નસારા (ખ્રિસ્તી) છીએ તો અમે તેમનું વચન લઇ લીધું હતું, પણ તેમને જે કાંઇ ઉપદેશ કરવામાં આવ્યો હતો તેનો એક (મોટો) ભાગ (રિસાલતે

મોહમ્મદી) વિસરી ગયા છે; આથી અમોએ તેમની વચ્ચે કયામતના દિવસ સુધી શત્રુતા અને દ્વેષ ઉભા કરી દીધા છે; અને તેઓ શું શું (ચાલાકી) કરતા હતા તે અલ્લાહ તેમને જણાવી દેશે.

يَاَهۡلَ الۡكِتٰبِ قَدۡ جَآءَكُمۡ رَسُوۡلُنَا يُبَيِّنُ لَكُمۡ كَثِيۡرًا مِّمَّا كُنۡتُمۡ تُخۡفُوۡنَ مِنَ الۡكِتٰبِ وَيَعۡفُوۡا عَنۡ كَثِيۡرٍ ؕ قَدۡ جَآءَكُمۡ مِّنَ اللّٰهِ نُوۡرٌ وَّكِتٰبٌ مُّبِيۡنٌ ۙ﴿۱۵﴾

(૧૫) અય કિતાબવાળાઓ! ખરેજ અમારો રસૂલ તમારી પાસે આવ્યો છે, કિતાબમાંથી જે તમે સંતાડયા કરતા હતા તેમાંથી તે તમારા પર ઘણું ખરૂં જાહેર કરી દે છે અને ઘણા ખરાથી (તમારી

લાગણી ન દુખાય એ માટે) દરગુઝર કરે છે; ખચીતજ તમારી પાસે અલ્લાહ તરફથી નુર અને સ્પષ્ટ કિતાબ આવી ચૂકી છે;

يَّهْدِىْ بِهِ اللّٰهُ مَنِ اتَّبَعَ رِضْوَانَهٗ سُبُلَ السَّلٰمِ وَيُخْرِجُهُمْ مِّنَ
الظُّلُمٰتِ اِلَى النُّوْرِ بِاِذْنِهٖ وَيَهْدِيْهِمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿١٦﴾

(૧૬) જે દ્વારા અલ્લાહ તે લોકોને કે જેઓ તેની મરજીનું અનુકરણ કરે છે તેમને સલામતીનો માર્ગ દેખાડે છે તથા તેમને (કુફ્રના) અંધકારમાંથી કાઢી પોતાના હુકમથી (ઇમાનની) રોશની તરફ લઇ આવે છે અને તેમને સીધા માર્ગ સુધી પહોંચાડી દે છે.

لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ هُوَالْمَسِيْحُ ابْنُ مَرْيَمَ ؕ قُلْ
فَمَنْ يَّمْلِكُ مِنَ اللّٰهِ شَيْـًٔا اِنْ اَرَادَ اَنْ يُّهْلِكَ الْمَسِيْحَ ابْنَ
مَرْيَمَ وَاُمَّهٗ وَمَنْ فِي الْاَرْضِ جَمِيْعًا ؕ وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ؕ يَخْلُقُ مَا يَشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ
قَدِيْرٌ ﴿١٧﴾

(૧૭) ખરેખર ! જેઓ કહે છે કે મરિયમનો પુત્ર મસીહ એજ અલ્લાહ છે. તેઓએ નાસ્તિકપણું કર્યું; તું કહે કે જો અલ્લાહ મરિયમના પુત્ર મસીહ તથા તેની માને તથા ઝમીનમાં જે જે (કાંઇ) છે તે સર્વનો નાશ કરવાનો નિશ્ચય કરે તો તેને તેમ કરતાં કોણ રોકી શકનાર છે? અને આકાશો તથા

ઝમીનમાં તથા જે કાંઇ તેમની વચ્ચે છે તેનો અધિકાર અલ્લાહને જ છે; જે ચાહે છે તે પૈદા કરે છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

وَقَالَتِ الْيَهُوْدُ وَالنَّصٰرٰى نَحْنُ اَبْنٰٓؤُا اللّٰهِ وَاَحِبَّآؤُهٗ ؕ قُلْ فَلِمَ
يُعَذِّبُكُمْ بِذُنُوْبِكُمْ ؕ بَلْ اَنْتُمْ بَشَرٌ مِّمَّنْ خَلَقَ ؕ يَغْفِرُ لِمَنْ
يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَمَا بَيْنَهُمَا ۫ وَاِلَيْهِ الْمَصِيْرُ ﴿۱۸﴾

(૧૮) અને યહૂદીઓ તથા નસારાઓ કહે છે કે અમે અલ્લાહના પુત્રો તથા તેના પ્યારા છીએ; તું કહે કે (જો એમજ છે તો) પછી તે તમને તમારા

ગુનાહો બદલ કેમ શિક્ષા કરે છે? (તેમ નથી) બલ્કે તમે પણ તેના પૈદા કરેલા (ઇન્સાનો) માંના ઇન્સાન છો; તે જેને ચાહે છે તેને માફ કરે છે અને જેને ચાહે છે સજા કરે છે; અને સઘળાં આકાશો તથા ઝમીન અને તેમની વચ્ચે જે કાંઇ છે તેની સત્તા અલ્લાહને જ છે. અને (સર્વનું) છેવટનું પાછું ફરવું તેની જ તરફ થશે.

يَٰأَهۡلَ ٱلۡكِتَٰبِ قَدۡ جَآءَكُمۡ رَسُولُنَا يُبَيِّنُ لَكُمۡ عَلَىٰ فَتۡرَةٖ مِّنَ
ٱلرُّسُلِ أَن تَقُولُواْ مَا جَآءَنَا مِنۢ بَشِيرٖ وَلَا نَذِيرٖۖ فَقَدۡ
جَآءَكُم بَشِيرٞ وَنَذِيرٞۗ وَٱللَّهُ عَلَىٰ كُلِّ شَيۡءٖ قَدِيرٞ ١٩

(૧૯) અય કિતાબવાળાઓ ! બેશક અમારો રસૂલ (અમારી આજ્ઞાઓ) તમને સ્પષ્ટ કરીને વર્ણવી સમજાવવા માટે તમારી પાસે પયગમ્બરોનું આવવું ઘણો વખત મુલતવી રહ્યા પછી આવ્યો છે, એ માટે કે તમે એમ ન કહો કે અમારી પાસે તો ખુશખબર આપનાર તથા ડરાવનાર કોઇજ આવ્યો ન હતો. માટે હવે તો તમારી પાસે ખુશખબર આપનાર તથા ડરાવનાર ખરેજ આવી ચૂક્યો છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ
جَعَلَ فِيْكُمْ اَنْۢبِيَآءَ وَجَعَلَكُمْ مُّلُوْكًا ۖ وَّاٰتٰىكُمْ مَّا لَمْ يُؤْتِ
اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ ﴿٢٠﴾

(૨૦) અને (તે સમયને યાદ કરો) જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે અય મારી કોમ! અલ્લાહે તમારા પર કરેલી તે નેઅમતને યાદ કરો કે જ્યારે તમારામાં નબીઓ બનાવ્યા તથા તમને બાદશાહ બનાવ્યા અને તમને તે સઘળું આપ્યું કે જે દુનિયામાંના કોઇને પણ આપ્યું ન હતું.

يٰقَوْمِ ادْخُلُوا الْاَرْضَ الْمُقَدَّسَةَ الَّتِيْ كَتَبَ اللّٰهُ لَكُمْ وَلَا
تَرْتَدُّوْا عَلٰٓى اَدْبَارِكُمْ فَتَنْقَلِبُوْا خٰسِرِيْنَ ﴿٢١﴾

(૨૧) અય મારી કોમ! તમે આ પવિત્ર ભૂમિમાં દાખલ થાઓ જે અલ્લાહે તમારા માટે લખી દીધી છે અને (શત્રુઓના મુકાબલા વખતે) પીઠ તરફ પાછા ફરો નહિ, નહિ તો હાનિ ભોગવનારા થઇ જશો.

قَالُوْا يٰمُوْسٰٓى اِنَّ فِيْهَا قَوْمًا جَبَّارِيْنَ ۖ وَاِنَّا لَنْ نَّدْخُلَهَا حَتّٰى
يَخْرُجُوْا مِنْهَا ۚ فَاِنْ يَّخْرُجُوْا مِنْهَا فَاِنَّا دٰخِلُوْنَ ﴿٢٢﴾

(૨૨) તેમણે કહ્યું કે અય મૂસા ! નિસંશય એ (ભૂમિ)માં તો બળવાન લોકોની એક કોમ છે, અને જ્યાં સુધી તેમાંથી તેઓ નીકળી નહિ જાય ત્યાં સુધી અમે હરગિઝ (તેમાં) દાખલ થઇશું નહિ; પણ

(હા) જો તેઓ તેમાંથી નીકળી જશે તો અમે જરૂર દાખલ થઇશું.

قَالَ رَجُلٰنِ مِنَ الَّذِيْنَ يَخَافُوْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمَا ادْخُلُوْا
عَلَيْهِمُ الْبَابَ ۚ فَاِذَا دَخَلْتُمُوْهُ فَاِنَّكُمْ غٰلِبُوْنَ ۬ۚ وَعَلَى اللّٰهِ
فَتَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٢٣﴾

(૨૩) તેઓ માંના બે શખ્સોએ કે જેઓ (અલ્લાહથી) ડરતા હતા અને જેમને અલ્લાહે નેઅમત અર્પણ કરી હતી કહ્યું કે દરવાજામાંથી તેમના પર ધસી જાઓ, કારણ કે જ્યારે તમે તે (પવિત્ર ભૂમિ)માં દાખલ થશો તો નિસંશય તમેજ

વિજયી નિવડશો, અને અગર તમે મોઅમીન હો તો અલ્લાહ ઉપરજ ભરોસો રાખો.

قَالُوْا يٰمُوْسٰى اِنَّا لَنْ نَّدْخُلَهَآ اَبَدًا مَّا دَامُوْا فِيْهَا فَاذْهَبْ
اَنْتَ وَرَبُّكَ فَقَاتِلَآ اِنَّا هٰهُنَا قٰعِدُوْنَ ﴿٢٤﴾

(૨૪) (ફરીથી) તેમણે કહ્યું કે અય મૂસા ! જ્યાં સુધી તેઓ અંદર છે અમે તો અંદર નહિજ જઇએ; જેથી તું અને તારો પરવરદિગાર જાઓ અને બંને (જણ તેમની સાથે) લડો; અમે તો અહીંજ બેસી રહીશું.

قَالَ رَبِّ اِنِّيْ لَآ اَمْلِكُ اِلَّا نَفْسِيْ وَاَخِيْ فَافْرُقْ بَيْنَنَا وَبَيْنَ
الْقَوْمِ الْفٰسِقِيْنَ ﴿٢٥﴾

(૨૫) (મૂસાએ) કહ્યું કે અય મારા પરવરદિગાર! હું કેવળ મારી જાત (પોતા)નો તથા મારા ભાઇનો અધિકાર ધરાવું છે; માટે તું અમને તે નાફરમાન લોકોથી જુદા પાડી દે (કે જેથી તેમના પાપના છાંટા અમને ન ઉડે).

قَالَ فَإِنَّهَا مُحَرَّمَةٌ عَلَيْهِمْ أَرْبَعِينَ سَنَةً ۛ يَتِيهُونَ فِي الْأَرْضِ ۚ فَلَا تَأْسَ عَلَى الْقَوْمِ الْفَاسِقِينَ ﴿٢٦﴾

(૨૬) (અલ્લાહે) ફરમાવ્યું કે તેમના માથે નિસંશય તે ભૂમિ ચાલીસ વર્ષ સુધી હરામ કરી દેવામાં આવશે, (જેથી) તેઓ પૃથ્વી પર (માર્યા માર્યા) ભટક્યા કરશે; માટે તું તે નાફરમાન લોકોની (અવદશા) પર ખેદ કરીશ નહિ

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ ابْنَيْ اٰدَمَ بِالْحَقِّ ۘ اِذْ قَرَّبَا قُرْبَانًا فَتُقُبِّلَ مِنْ اَحَدِهِمَا وَلَمْ يُتَقَبَّلْ مِنَ الْاٰخَرِ ؕ قَالَ لَاَقْتُلَنَّكَ ؕ قَالَ اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ ﴿٢٧﴾

(૨૭) અને (અય રસૂલ!) તું તેમને આદમના બંને બેટાઓની ખરી હકીકત વાંચી સંભળાવ કે જ્યારે તેમણે (પોત પોતાની) કુરબાની રજૂ કરી ત્યારે તે બંનેમાંથી એક (હાબીલ)ની તો કબૂલ થઇ અને બીજા (કાબીલ)ની કબૂલ થઇ નહિ; જેથી તેણે (ઇર્ષાથી) કહ્યું કે હું જરૂર તને મારી નાખીશ; (હાબીલે) કહ્યું કે અલ્લાહ તો પરહેઝગારોની જ કુરબાની કબૂલ કરે છે.

لَئِنۢ بَسَطتَّ إِلَيَّ يَدَكَ لِتَقۡتُلَنِي مَآ أَنَا۠ بِبَاسِطٖ يَدِيَ إِلَيۡكَ لِأَقۡتُلَكَۖ إِنِّيٓ أَخَافُ ٱللَّهَ رَبَّ ٱلۡعَٰلَمِينَ ٢٨

(૨૮) અગર તું તારો હાથ મને મારી નાખવાના ઇરાદાથી મારા તરફ લંબાવશે તો પણ હું મારો હાથ તને મારી નાખવાના હેતુથી તારી તરફ લંબાવનાર નથી; નિસંશય હું તો સઘળી દુનિયાઓના પરવરદિગારથી ડરૂં છું.

إِنِّيٓ أُرِيدُ أَن تَبُوٓأَ بِإِثۡمِي وَإِثۡمِكَ فَتَكُونَ مِنۡ أَصۡحَٰبِ ٱلنَّارِۚ وَذَٰلِكَ جَزَٰٓؤُاْ ٱلظَّٰلِمِينَ ٢٩

(૨૯) નિસંશય હું તો એજ ચાહું છું કે મારો અને તારો (યાને આપણા બંનેનો) ગુનોહ તું (એકલો) જ

ભોગવે કે જેથી તું જહન્નમવાસીઓ માંહેનો થઇ જાય, અને ઝુલમગારોનો બદલો એજ છે.

فَطَوَّعَتۡ لَهٗ نَفۡسُهٗ قَتۡلَ اَخِيۡهِ فَقَتَلَهٗ فَاَصۡبَحَ مِنَ الۡخٰسِرِيۡنَ ۝۳۰

(30) પછી તેના અંતઃકરણે તેના માટે તેના ભાઇનું ખૂન કરવાનું કાર્ય સહેલું કરી દીધું જેથી તેણે તેને મારી નાખ્યો એટલે તે હાનિ ભોગવનારાઓ માંહેનો થઇ ગયો.

فَبَعَثَ اللّٰهُ غُرَابًا يَّبۡحَثُ فِى الۡاَرۡضِ لِيُرِيَهٗ كَيۡفَ يُوَارِىۡ سَوۡءَةَ اَخِيۡهِ‌ ؕ قَالَ يٰوَيۡلَتٰۤى اَعَجَزۡتُ اَنۡ اَكُوۡنَ مِثۡلَ هٰذَا الۡغُرَابِ فَاُوَارِىَ سَوۡءَةَ اَخِىۡ‌ ۚ فَاَصۡبَحَ مِنَ النّٰدِمِيۡنَ ۝۳۱ ۛ‌ۚ

(૩૧) પછી અલ્લાહે એક કાગડાને મોકલ્યો જે ભૂમિ ખોતરવા લાગ્યો એ માટે કે તેને દેખાડે કે તે પોતાના ભાઇની લાશને કેવી રીતે છુપાવે. (એ જોઇ) (કાબીલ) કહેવા લાગ્યો હાય ખરાબી મારી! શું હું આ કાગડા જેવો થવાને પણ અશક્ત છું કે મારા ભાઇની લાશને સંતાડી પણ ન શકું! સારાંશ કે તે પસ્તાવો કરનારાઓ માંહેનો થઇ ગયો

مِنۡ اَجۡلِ ذٰلِكَ ۛۚ كَتَبۡنَا عَلٰى بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ اَنَّهٗ مَنۡ قَتَلَ نَفۡسًۢا بِغَيۡرِ نَفۡسٍ اَوۡ فَسَادٍ فِى الۡاَرۡضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيۡعًا ؕ وَمَنۡ اَحۡيَاهَا فَكَاَنَّمَاۤ اَحۡيَا النَّاسَ جَمِيۡعًا ؕ وَلَقَدۡ

جَآءَتۡهُمۡ رُسُلُنَا بِالۡبَيِّنٰتِ ثُمَّ اِنَّ كَثِيۡرًا مِّنۡهُمۡ بَعۡدَ ذٰلِكَ
فِى الۡاَرۡضِ لَمُسۡرِفُوۡنَ ﴿۳۲﴾

(૩૨) આ કારણે અમોએ બની ઇસરાઇલ પર લાઝિમ કરી દીધું કે જે કોઇ કોઇ જીવને બીજા જીવના (ખૂન કરવાના) બદલા સિવાય અથવા ભૂમિમાં ફસાદ કર્યા સિવાય મારી નાખે તો જાણે તેણે સઘળા માણસોને મારી નાખ્યા; અને જેણે એક જીવને જીવતદાન દીધું તો તેણે જાણે સઘળા માણસોને જીવતદાન આપ્યું; અને ખરેખર અમારા રસૂલો તેમની પાસે પ્રત્યક્ષ નિશાનીઓ લઇને આવ્યા હતા, પછી તે બાદ પણ તેઓ માંના ઘણા ખરા ભૂમિમાં અમર્યાદિત પણે વર્તતા રહે છે.

إِنَّمَا جَزَٰٓؤُاْ ٱلَّذِينَ يُحَارِبُونَ ٱللَّهَ وَرَسُولَهُۥ وَيَسۡعَوۡنَ فِي ٱلۡأَرۡضِ

فَسَادًا أَن يُقَتَّلُوٓاْ أَوۡ يُصَلَّبُوٓاْ أَوۡ تُقَطَّعَ أَيۡدِيهِمۡ وَأَرۡجُلُهُم

مِّنۡ خِلَٰفٍ أَوۡ يُنفَوۡاْ مِنَ ٱلۡأَرۡضِۚ ذَٰلِكَ لَهُمۡ خِزۡيٞ فِي

ٱلدُّنۡيَاۖ وَلَهُمۡ فِي ٱلۡأٓخِرَةِ عَذَابٌ عَظِيمٌ ٣٣

(33) તે લોકો કે જેઓ અલ્લાહ અને તેના રસૂલથી લડે છે તથા ભૂમિમાં ફસાદ ફેલાવવાના પ્રયત્ન કરે છે, તેમનો બદલો એજ છે કે તેમને મારી નાખવામાં આવે અથવા તેમને શૂળીએ ચઢાવવામાં આવે અથવા તેમના હાથ તથા પગ ઉલટા સુલટા કાપી નાખવામાં આવે અથવા તેમને દેશપાર કરવામાં આવે; આ તો તેમની આલોકની

ફજેતી છે અને પરલોકમાં તો તેમના માટે ઘણો મોટો અઝાબ છેઃ

اِلَّا الَّذِيۡنَ تَابُوۡا مِنۡ قَبۡلِ اَنۡ تَقۡدِرُوۡا عَلَيۡهِمۡ‌ ۚ فَاعۡلَمُوۡۤا اَنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۳۴﴾

(૩૪) સિવાય કે જેઓ તૌબા કરે એ પહેલાં કે તમે તેમના પર કાબૂ મેળવો, માટે તમે આ જાણી લો કે અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَابۡتَغُوۡۤا اِلَيۡهِ الۡوَسِيۡلَةَ وَجَاهِدُوۡا فِىۡ سَبِيۡلِهٖ لَعَلَّكُمۡ تُفۡلِحُوۡنَ ﴿۳۵﴾

(૩૫) અય ઇમાન લાવનારાઓ! અલ્લાહનો ભય રાખો અને તેના સુધી (પહોંચવા)નો આધાર શોધો

તથા તેના માર્ગમાં અંતઃકરણ પૂર્વક પ્રયત્ન કરો કે જેથી તમે સફળતા મેળવો.

إِنَّ الَّذِينَ كَفَرُوا لَوْ أَنَّ لَهُم مَّا فِي الْأَرْضِ جَمِيعًا وَمِثْلَهُ مَعَهُ لِيَفْتَدُوا بِهِ مِنْ عَذَابِ يَوْمِ الْقِيَامَةِ مَا تُقُبِّلَ مِنْهُمْ ۖ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٣٦﴾

(૩૬) બેશક જેમણે નાસ્તિકપણું ધારણ કર્યું તેઓ અગર જે કાંઇ ઝમીનમાં છે તે સઘળું તેમનું હોય અને તેટલું જ બીજું પણ તેમની પાસે હોય અને તે સઘળું કયામતના દિવસના અઝાબથી બચવા માટે બદલામાં આપવા ચાહે તો પણ તેમનો એ

(બદલો) સ્વીકારવામાં આવશે નહિ, અને તેમના માટે દુ:ખદાયક અઝાબ છે

يُرِيْدُوْنَ اَنْ يَّخْرُجُوْا مِنَ النَّارِ وَمَا هُمْ بِخٰرِجِيْنَ مِنْهَا ؗ وَلَهُمْ عَذَابٌ مُّقِيْمٌ ﴿۳۷﴾

(૩૭) તેઓ આગમાથી નીકળી (નાસી) જવાનો ઇરાદો કરશે છતાં તેઓ તેમાંથી નીકળી શકશે નહિ; અને તેમના માટે કાયમની શિક્ષા હશે.

وَالسَّارِقُ وَالسَّارِقَةُ فَاقْطَعُوْٓا اَيْدِيَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا نَكَالًا مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۳۸﴾

(૩૮) ચોરી કરનાર પુરૂષ અને ચોરી કરનાર સ્ત્રી હોય તો બંનેના હાથ કાપી નાખો, આ તેમની

કરણીનો બદલો (અને) અલ્લાહ તરફથી ધડા (નસીહત)રૂપ શિક્ષા છે; અને અલ્લાહ ઝબરદસ્ત હિકમતવાળો છે.

فَمَنۡ تَابَ مِنۡۢ بَعۡدِ ظُلۡمِهٖ وَاَصۡلَحَ فَاِنَّ اللّٰهَ يَتُوۡبُ عَلَيۡهِ‌ ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ۝٣٩

(૩૯) પછી જે કોઇ પોતાની સખ્તાઇ (અર્થાત ગુનાહ ભર્યા કાર્ય) પછી પ્રશ્ચાતાપ કરે અને (પોતાની ચાલ) સુધારે તો બેશક અલ્લાહ તેની તૌબા સ્વીકારી લેશે; નિસંશય અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

اَلَمۡ تَعۡلَمۡ اَنَّ اللّٰهَ لَهٗ مُلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ يُعَذِّبُ مَنۡ
يَّشَآءُ وَيَغۡفِرُ لِمَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۴۰﴾

(૪૦) શું તું નથી જાણતો કે આકાશો તથા ઝમીનની બાદશાહત અલ્લાહની જ છે ? તે જેને ચાહે છે અઝાબ આપે છે અને જેને ચાહે છે માફ કરે છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

يٰۤاَيُّهَا الرَّسُوۡلُ لَا يَحۡزُنۡكَ الَّذِيۡنَ يُسَارِعُوۡنَ فِى الۡكُفۡرِ مِنَ
الَّذِيۡنَ قَالُوۡۤا اٰمَنَّا بِاَفۡوَاهِهِمۡ وَلَمۡ تُؤۡمِنۡ قُلُوۡبُهُمۡ ۛۚ وَمِنَ
الَّذِيۡنَ هَادُوۡا ۛۚ سَمّٰعُوۡنَ لِلۡكَذِبِ سَمّٰعُوۡنَ لِقَوۡمٍ اٰخَرِيۡنَ ۙ لَمۡ

يَاْتُوْكَ ؕ يُحَرِّفُوْنَ الْكَلِمَ مِنْۢ بَعْدِ مَوَاضِعِهٖ ۚ يَقُوْلُوْنَ اِنْ
اُوْتِيْتُمْ هٰذَا فَخُذُوْهُ وَاِنْ لَّمْ تُؤْتَوْهُ فَاحْذَرُوْا ؕ وَمَنْ يُّرِدِ اللّٰهُ
فِتْنَتَهٗ فَلَنْ تَمْلِكَ لَهٗ مِنَ اللّٰهِ شَيْـًٔا ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ لَمْ يُرِدِ
اللّٰهُ اَنْ يُّطَهِّرَ قُلُوْبَهُمْ ؕ لَهُمْ فِى الدُّنْيَا خِزْىٌ ۖۚ وَّلَهُمْ فِى
الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ﴿۴۱﴾

(૪૧) અય રસૂલ ! જે લોકો નાસ્તિકપણું કરવામાં પ્રયત્ન કરે છે એ (બનાવ) તને દિલગીર કરે નહિ (અને) તેઓ માંના કેટલાક તો એવા છે કે જેઓ મુખેથી કહે છે કે અમે ઇમાન લાવ્યા છીએ. જો કે તેમના અંતઃકરણો ઇમાન લાવ્યા જ નથી, અને યહૂદીઓ માંના કેટલાક (એવા છે) કે જેઓ ખોટો

અર્થ ઉપજાવવા (ના હેતુથી) મોટા સાંભળનાર છે (આ) સાંભળનારાઓ (જાસુસો છે) બીજી કૌમો માટે કે જેઓ હજી તારી પાસે આવ્યા નથી; તેઓ શબ્દોને તેના મૂળ સ્થાનેથી બદલી નાખે છે, (અને) કહે છે કે જો તમને આ (હુકમ) આપવામાં આવે તો તે ગ્રહણ કરી લેજો અને જો તમને તે (હુકમ) આપવામાં ન આવે તો (તેથી) ચેતજો; અને જેને અલ્લાહ ભુલાવામાં નાખવા ચાહે તો તું હરગિઝ અલ્લાહને ત્યાં તેના સબંધમાં કાંઇ સત્તા ધરાવતો નથી; એજ તે લોકો છે કે જેમના અંતઃકરણોને અલ્લાહે શુધ્ધ કરવા ઇચ્છયું નથી; દુનિયામાં

તેમના માટે ફજેતી છે અને આખેરતમાં તેમના માટે ઘણો મોટો અઝાબ છે.

سَمّٰعُوۡنَ لِلۡكَذِبِ اَكّٰلُوۡنَ لِلسُّحۡتِ ؕ فَاِنۡ جَآءُوۡكَ فَاحۡكُمۡ بَيۡنَهُمۡ اَوۡ اَعۡرِضۡ عَنۡهُمۡ ۚ وَاِنۡ تُعۡرِضۡ عَنۡهُمۡ فَلَنۡ يَّضُرُّوۡكَ شَيۡـًٔا ؕ وَاِنۡ حَكَمۡتَ فَاحۡكُمۡ بَيۡنَهُمۡ بِالۡقِسۡطِ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُقۡسِطِيۡنَ ﴿۴۲﴾

(૪૨) (તેઓ) અસત્યના મોટા સાંભળનારા (અને) હરામના મોટા ખાનારા (છે); અગર તેઓ તારી પાસે (કોઇ સવાલના નિર્ણય માટે) આવે તો તેમની વચ્ચે ફેંસલો કરી દે અથવા તો તેમની તરફથી મોઢું ફેરવી લે, અને જો તું તેમનાથી મોઢું

ફેરવી લેશે તો પણ તેઓ તારૂં હરગિઝ કાંઇ બગાડી શકશે નહિ; અને અગર નિરાકરણ કરે તો તેમની વચ્ચે ન્યાયસર નિરાકરણ કર; બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને દોસ્ત રાખે છે.

وَكَيْفَ يُحَكِّمُوْنَكَ وَعِنْدَهُمُ التَّوْرٰىةُ فِيْهَا حُكْمُ اللّٰهِ ثُمَّ
يَتَوَلَّوْنَ مِنْۢ بَعْدِ ذٰلِكَ ؕ وَمَآ اُولٰٓئِكَ بِالْمُؤْمِنِيْنَ ۝٤٣

(૪૩) અને આ લોકો તને કેવી રીતે સરપંચ બનાવે જ્યારે કે તેમની પાસે તૌરેત (મોજૂદ) છે, જેમાં અલ્લાહનો (દરેક બાબતનો) નિર્ણય છે; તે છતાં (તેનાથી) પણ મોઢું ફેરવી લે છે, અને તેઓ (તૌરેતને પણ) માનતા નથી.

إِنَّآ أَنْزَلْنَا التَّوْرٰىةَ فِيْهَا هُدًى وَّنُوْرٌ ۚ يَحْكُمُ بِهَا النَّبِيُّوْنَ
الَّذِيْنَ أَسْلَمُوْا لِلَّذِيْنَ هَادُوْا وَالرَّبّٰنِيُّوْنَ وَالْأَحْبَارُ بِمَا
اسْتُحْفِظُوْا مِنْ كِتٰبِ اللّٰهِ وَكَانُوْا عَلَيْهِ شُهَدَآءَ ۚ فَلَا تَخْشَوُا
النَّاسَ وَاخْشَوْنِ وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا قَلِيْلًا ۗ وَمَنْ لَّمْ
يَحْكُمْ بِمَآ أَنْزَلَ اللّٰهُ فَأُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ ﴿٤٤﴾

(૪૪) બેશક અમોએ તૌરેત ઉતારી છે જેમાં હિદાયત તથા નુર છે; તે નબીઓ કે જે અલ્લાહના આજ્ઞાંકિત હતા તેઓ યહૂદીઓ માટે ફેંસલા એજ (તૌરેતના હુકમો) પ્રમાણે કરતા હતા એવીજ રીતે અલ્લાહવાળા લોકો અને આલિમો પણ, કારણ કે તેમને અલ્લાહની કિતાબમાંથી (કેટલાક ભાગના)

રક્ષક ઠરાવવામાં આવ્યા હતા અને તેઓ તેના સાક્ષી હતા; માટે તમે લોકોથી ભય ન પામો પણ મારો જ ભય રાખો અને મારી આયતોના બદલામાં નજીવી કિંમત મેળવો નહિ; અને જે લોકો અલ્લાહે જે ઉતાર્યું છે તે પ્રમાણે નિર્ણય ન કરે તો તેઓજ નાસ્તિકો છે.

وَ كَتَبْنَا عَلَيْهِمْ فِيْهَآ اَنَّ النَّفْسَ بِالنَّفْسِ ۙ وَالْعَيْنَ بِالْعَيْنِ وَالْاَنْفَ بِالْاَنْفِ وَالْاُذُنَ بِالْاُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ ۙ وَالْجُرُوْحَ قِصَاصٌ ؕ فَمَنْ تَصَدَّقَ بِهٖ فَهُوَ كَفَّارَةٌ لَّهٗ ؕ وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۴۵﴾

(૪૫) અને અમોએ પ્રાણના બદલે પ્રાણ તથા આંખના બદલે આંખ તથા નાકના બદલે નાક તથા કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત અને એવીજ રીતે દરેક જખ્મનો બદલો હોય એવું તેમના પર તે (પુસ્તક તૌરેત)માં વાજિબ કરી દીધું હતું; પછી જે કોઇ માફ કરી દે તો તે તેના પોતાના ગુનાહોનો કફફારો (પ્રાયશ્ચિત) બની જશે; અને જેઓ અલ્લાહે જે કાંઇ ઉતાર્યું છે તે પ્રમાણે ન્યાય ન કરે તો તેઓજ અન્યાયીઓ છે.

وَقَفَّيْنَا عَلٰٓى اٰثَارِهِمْ بِعِيْسَى ابْنِ مَرْيَمَ مُصَدِّقًا لِّمَا بَيْنَ
يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ ۖ وَاٰتَيْنٰهُ الْاِنْجِيْلَ فِيْهِ هُدًى وَّنُوْرٌ ۙ

وَّمُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ وَهُدًى وَّمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ﴿٤٦﴾

(૪૬) અને એજ નબીઓના પગલે પગલે ચાલવા અમોએ મરિયમના પુત્ર ઇસાને મોકલ્યો જે પોતાની પહેલાંની તૌરેતની સત્યતા સ્વીકારતો હતો, અને તેને અમોએ ઇન્જીલ આપી જેમાં હિદાયત હતી અને નૂર પણ, અને તે તેની પહેલાંની તૌરેતની સચ્ચાઇનું સમર્થન કરનારી પણ હતી અને પરહેઝગારો માટે હિદાયત તથા નસીહત હતી.

وَلۡيَحۡكُمۡ اَهۡلُ الۡاِنۡجِيۡلِ بِمَاۤ اَنۡزَلَ اللّٰهُ فِيۡهِ‌ ؕ وَمَنۡ لَّمۡ يَحۡكُمۡ
بِمَاۤ اَنۡزَلَ اللّٰهُ فَاُولٰٓـئِكَ هُمُ الۡفٰسِقُوۡنَ‏ ﴿۴۷﴾

(૪૭) અને ઇન્જીલવાળાઓને લાઝિમ છે કે અલ્લાહે તે (ઇન્જીલ)માં જે ઉતાર્યું છે તે પ્રમાણે નિર્ણય કરે; અને જેઓ અલ્લાહે ઉતારેલા (હુકમ) મુજબ નિર્ણય ન કરે તો તેઓજ નાફરમાન છે.

وَاَنۡزَلۡنَاۤ اِلَيۡكَ الۡكِتٰبَ بِالۡحَـقِّ مُصَدِّقًا لِّمَا بَيۡنَ يَدَيۡهِ مِنَ
الۡكِتٰبِ وَمُهَيۡمِنًا عَلَيۡهِ‌ فَاحۡكُمۡ بَيۡنَهُمۡ بِمَاۤ اَنۡزَلَ اللّٰهُ‌ وَلَا
تَتَّبِعۡ اَهۡوَآءَهُمۡ عَمَّا جَآءَكَ مِنَ الۡحَـقِّ‌ ؕ لِكُلٍّ جَعَلۡنَا مِنۡكُمۡ
شِرۡعَةً وَّمِنۡهَاجًا‌ ؕ وَلَوۡ شَآءَ اللّٰهُ لَجَـعَلَـكُمۡ اُمَّةً وَّاحِدَةً وَّلٰـكِنۡ

لِّيَبْلُوَكُمْ فِيْ مَآ اٰتٰىكُمْ فَاسْتَبِقُوا الْخَيْرٰتِ ۭ اِلَى اللّٰهِ
مَرْجِعُكُمْ جَمِيْعًا فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ۝٤٨

(૪૮) અને (અય રસૂલ !) અમોએ તારા ઉપર આ કિતાબ (કુરઆન) સત્યતાપૂર્વક ઉતારી છે, જે તેની અગાઉની કિતાબોની સચ્ચાઇ (નું સમર્થન) કરનારી છે તથા તેમનું રક્ષણ કરનારી પણ છે, માટે અલ્લાહે જે કાંઇ ઉતાર્યું છે તે મુજબ તેમની વચ્ચે ન્યાય કર અને જે સત્ય તારી પાસે આવી ચૂક્યું છે તેની અવગણના કરીને તેમની ઇચ્છાઓને અનુસર નહિ. તમારામાંથી દરેકને માટે અમોએ એક શરીઅત (ધર્મ-નિયમ) તથા સ્પષ્ટ તરીકો (પધ્ધતિ) નક્કી કરી દીધી છે અને જો

અલ્લાહ ચાહતે તો તમને એકજ શરીઅતવાળી ઉમ્મત બનાવી દેતે, પરંતુ (તેમ ન કરવાનું કારણ) તેણે તમને જે કાંઇ આપ્યું છે તેમાં તમને અજમાવે, માટે નેકી કરવામાં એક બીજાથી હરીફાઇ કરો; તમો સર્વેનું પાછું ફરવું અલ્લાહની તરફ છે, પછી તે જે વાતમાં તમે મતભેદ કરતા હતા તે તમને જણાવી દેશેઃ

وَاَنِ احۡكُمۡ بَيۡنَهُمۡ بِمَاۤ اَنۡزَلَ اللّٰهُ وَلَا تَتَّبِعۡ اَهۡوَآءَهُمۡ
وَاحۡذَرۡهُمۡ اَنۡ يَّفۡتِنُوۡكَ عَنۡۢ بَعۡضِ مَاۤ اَنۡزَلَ اللّٰهُ اِلَيۡكَ‌ ؕ فَاِنۡ
تَوَلَّوۡا فَاعۡلَمۡ اَنَّمَا يُرِيۡدُ اللّٰهُ اَنۡ يُّصِيۡبَهُمۡ بِبَعۡضِ ذُنُوۡبِهِمۡ‌ ؕ
وَاِنَّ كَثِيۡرًا مِّنَ النَّاسِ لَفٰسِقُوۡنَ ﴿۴۹﴾

(૪૯) અને એ કે અલ્લાહે જે (હુકમ) ઉતાર્યો છે તેજ પ્રમાણે તેમની વચ્ચે ન્યાય કર, અને તેમની ખોટી ઇચ્છાઓને અનુસર નહિ અને તેમનાથી આ વાતની સાવચેતી રાખ કે જે કાંઇ અલ્લાહે ઉતાર્યું છે તેના કોઇ ભાગથી તેઓ તને બહેકાવે નહિ; પછી જો તેઓ મોંઢું ફેરવે તો તું જાણી લે કે અલ્લાહ એવુંજ ચાહે છે કે તેમને તેમના કેટલાક ગુનાહોના કારણે (અઝાબમાં) સપડાવી દે; અને નિઃસંશય લોકોમાંથી ઘણા ખરા નાફરમાન છે.

اَفَحُكْمَ الْجَاهِلِيَّةِ يَبْغُوْنَ ؕ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ حُكْمًا لِّقَوْمٍ يُّوْقِنُوْنَ ۠﴿۵۰﴾

(૫૦) તો શું તેઓ (આજે પણ) અજ્ઞાનતાના કાળના ન્યાયની ઇચ્છા રાખે છે ? અને સંપૂર્ણ વિશ્વાસ રાખનારાઓ માટે અલ્લાહ કરતાં બેહતર ફેંસલો કરનાર કોણ છે ?

يَاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَتَّخِذُوا الۡيَهُوۡدَ وَالنَّصٰرٰٓى اَوۡلِيَآءَ ‌ۘ
بَعۡضُهُمۡ اَوۡلِيَآءُ بَعۡضٍ‌ؕ وَمَنۡ يَّتَوَلَّهُمۡ مِّنۡكُمۡ فَاِنَّهٗ مِنۡهُمۡ‌ؕ
اِنَّ اللّٰهَ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ‏ ﴿۵۱﴾

(૫૧) અય ઇમાન લાવનારાઓ! યહૂદી તથા નસારાઓને મિત્ર બનાવો નહિ; તેઓ માંના (દરેક) એકબીજાના મિત્ર છે; અને તમારામાંથી જે કોઇ તેમને મિત્ર બનાવશે તો નિસંશય તે તેઓ માંહેનો

છે; બેશક અલ્લાહ ઝુલ્મગાર કોમને માર્ગ દેખાડતો નથી.

فَتَرَى الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ يُّسَارِعُوْنَ فِيْهِمْ يَقُوْلُوْنَ
نَخْشٰٓى اَنْ تُصِيْبَنَا دَآئِرَةٌ ؕ فَعَسَى اللّٰهُ اَنْ يَّاْتِيَ بِالْفَتْحِ اَوْ اَمْرٍ
مِّنْ عِنْدِهٖ فَيُصْبِحُوْا عَلٰى مَآ اَسَرُّوْا فِيْٓ اَنْفُسِهِمْ نٰدِمِيْنَ ﴿٥٢﴾

(૫૨) પછી તે લોકો કે જેમના અંતઃકરણોમાં રોગ છે તેમને તું જોશે કે તે (યહૂદીઓ તથા ખ્રિસ્તિ)ઓની દોસ્તી કરવામાં ઘણીજ ઉતાવળ કરે છે (અને) કહે છે કે અમે પાછા કોઇ મુસીબતમાં આવી ન જઇએ તે માટે ડરીએ છીએ; માટે પાસે છે કે અલ્લાહ વિજય અથવા બીજો કોઇ હુકમ

પોતાના તરફથી જાહેર કરે કે જેથી તે (મુનાફીકો) જે કાંઇ પોતાના અંતઃકરણોમાં સંતાડી રહ્યા છે તે માટે પસ્તાવામાં પડે.

وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْٓا اَهٰٓؤُلَاۗءِ الَّذِيْنَ اَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ
اَيْمَانِهِمْ ۙ اِنَّهُمْ لَمَعَكُمْ ۭ حَبِطَتْ اَعْمَالُهُمْ فَاَصْبَحُوْا
خٰسِرِيْنَ ۝

(૫૩) અને તે વેળા ઇમાન લાવનારાઓ કહેશે કે શું આ તેઓજ છે કે જેઓ અલ્લાહની સખતમાં સખત સોગંદો ખાતા હતા કે જરૂર તેઓ તમારી સાથે હતા ! તેમના કર્મો રદ થઇ જશે, જેથી તેઓ હાનિ ભોગવનારા થઇ જશે.

يَاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا مَنۡ يَّرۡتَدَّ مِنۡكُمۡ عَنۡ دِيۡنِهٖ فَسَوۡفَ يَاۡتِى اللّٰهُ
بِقَوۡمٍ يُّحِبُّهُمۡ وَيُحِبُّوۡنَهٗۤ ۙ اَذِلَّةٍ عَلَى الۡمُؤۡمِنِيۡنَ اَعِزَّةٍ عَلَى
الۡكٰفِرِيۡنَ ۚ يُجَاهِدُوۡنَ فِىۡ سَبِيۡلِ اللّٰهِ وَلَا يَخَافُوۡنَ لَوۡمَةَ لَاۤٮِٕمٍ ؕ
ذٰلِكَ فَضۡلُ اللّٰهِ يُؤۡتِيۡهِ مَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيۡمٌ ﴿۵۴﴾

(૫૪) અય ઇમાન લાવનારાઓ ! તમારામાં જે કોઇ પોતાના ધર્મથી ફરી જશે તો (તેઓ અલ્લાહનું કાંઇજ બગાડશે નહિ) અલ્લાહ નઝદીકમાં એવા લોકોને લાવી હાજર કરશે કે જેમને તે દોસ્ત રાખતો હશે અને તેઓ તેને દોસ્ત રાખતા હશે, મોઅમીનો તરફ તેઓ નમ્ર હશે (અને) ઇમાન નહિ લાવનારાઓ તરફ સખત; અલ્લાહની રાહમાં જેહાદ કરે એવા અને કોઇ ઠપકો આપનારના

ઠપકાથી ન ડરે એવા; આ અલ્લાહની કૃપા છે જેને ચાહે આપે છે અને અલ્લાહ વિશાળ જ્ઞાનનો સાહેબ છે.

إِنَّمَا وَلِيُّكُمُ اللَّهُ وَرَسُولُهُ وَالَّذِينَ آمَنُوا الَّذِينَ يُقِيمُونَ الصَّلَوٰةَ وَيُؤْتُونَ الزَّكَوٰةَ وَهُمْ رَٰكِعُونَ ۝٥٥

(૫૫) (અય ઇમાનદારો !) તમારા રક્ષક અલ્લાહ અને તેના રસૂલના સિવાય કોઇ નથી અને તે લોકો પણ કે જેઓ ઇમાન લાવ્યા છે અને જેઓ નમાઝ કાયમ કરે છે તથા રૂકુઅની સ્થિતિમાં ઝકાત આપે છે.

وَمَنْ يَّتَوَلَّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَالَّذِيْنَ اٰمَنُوْا فَاِنَّ حِزْبَ اللّٰهِ هُمُ

الْغٰلِبُوْنَ۝۵۶

(૫૬) અને જે અલ્લાહ તથા તેના રસૂલને તથા મોઅમીનોને મિત્ર બનાવશે (તે અલ્લાહ વાળાઓના ટોળામાં દાખલ છે) અને ખરેજ અલ્લાહના પક્ષવાળા જ હંમેશા વિજયી રહેશે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَكُمْ هُزُوًا

وَّلَعِبًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَالْكُفَّارَ

اَوْلِيَآءَ ۚ وَاتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ۝۵۷

(૫૭) અય ઇમાન લાવનારાઓ ! તે લોકો કે જેમને તમારી પહેલાં કિતાબ આપવામાં આવી છે તેઓ

માંના જે લોકો તમારા ધર્મને હાંસી અને રમકડું ગણે છે તેમને તથા નાસ્તિકોને દોસ્ત બનાવો નહિ; અને જો તમે મોઅમીન હો તો અલ્લાહથી ડરતા રહો.

وَاِذَا نَادَيْتُمْ اِلَى الصَّلٰوةِ اتَّخَذُوْهَا هُزُوًا وَّلَعِبًا ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ ﴿٥٨﴾

(૫૮) અને જ્યારે તમે (અઝાન દઇ) નમાઝ માટે બોલાવો છો ત્યારે તેની પણ ઠઠ્ઠા મશ્કરી કરે છે; આ એ માટે કે તેઓ એવા લોકો છે કે જેઓ સમજ ધરાવતા નથી.

قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ هَلۡ تَنۡقِمُوۡنَ مِنَّاۤ اِلَّاۤ اَنۡ اٰمَنَّا بِاللّٰهِ وَمَاۤ اُنۡزِلَ اِلَيۡنَا وَمَاۤ اُنۡزِلَ مِنۡ قَبۡلُ ۙ وَاَنَّ اَكۡثَرَكُمۡ فٰسِقُوۡنَ ﴿۵۹﴾

(૫૯) તું કહે કે અય કિતાબવાળાઓ ! શું તમે એ કારણે અમારામાં એબ કાઢો છે કે અમે અલ્લાહ પર તથા જે કાંઇ અમારા પર ઉતારવામાં આવ્યું છે તેના પર તથા જે કાંઇ (અમારી) પહેલાં ઉતારવામાં આવ્યું છે તેના પર ઇમાન લાવ્યા છીએ? પણ (વાત એ છે કે) તમારામાંના ઘણાં ખરા નાફરમાન છે (તેથી અમે તમારી આંખોમાં ખટકીએ છીએ).

قُلْ هَلْ اُنَبِّئُكُمْ بِشَرٍّ مِّنْ ذٰلِكَ مَثُوْبَةً عِنْدَ اللّٰهِ ؕ مَنْ لَّعَنَهُ

اللّٰهُ وَغَضِبَ عَلَيْهِ وَجَعَلَ مِنْهُمُ الْقِرَدَةَ وَالْخَنَازِيْرَ وَعَبَدَ

الطَّاغُوْتَ ؕ اُولٰٓئِكَ شَرٌّ مَّكَانًا وَّاَضَلُّ عَنْ سَوَآءِ السَّبِيْلِ ﴿۶۰﴾

(૬૦) (અય રસૂલ !) તું કહે કે શું હું તમને તેમની ખબર આપું કે જેમના માટે અલ્લાહ તરફથી આ કરતાંય વધારે ખરાબ બદલા રૂપી સજા નક્કી થઇ ચૂકી છે ? તેઓ (એ છે કે) જેમના પર અલ્લાહે ફિટકાર કરી તથા જેમના પર કોપ ઉતાર્યો અને તેઓ માંના કેટલાકને વાંદરા તથા સુવ્વરો બનાવ્યા અને તેઓ માંના કેટલાક શેતાનના સેવકો બન્યા; એજ લોકો છે કે જેઓ દરજ્જાની

રૂએ ઘણાજ ખરાબ છે અને સન્માર્ગથી સૌ કરતાં વધારે ભટકી ગયેલા છે.

وَاِذَا جَآءُوۡكُمۡ قَالُوۡۤا اٰمَنَّا وَقَدْ دَّخَلُوۡا بِالۡكُفۡرِ وَهُمۡ قَدۡ خَرَجُوۡا بِهٖ‌ ؕ وَاللّٰهُ اَعۡلَمُ بِمَا كَانُوۡا يَكۡتُمُوۡنَ‏ ﴿۶۱﴾

(૬૧) અને જે વેળા તેઓ તમારી પાસે આવે છે ત્યારે તેઓ કહે છે કે અમે તો ઇમાન લાવ્યા છીએ પણ વાસ્તવમાં તો તેઓ નાસ્તિકપણા સાથે આવે છે અને તે (નાસ્તિકપણા)ની સાથે નીકળી (ચાલ્યા) જાય છે; અને જે (દ્વેષભાવ) તેઓ સંતાડે છે તેનાથી અલ્લાહ સારી રીતે જાણકાર છે.

وَتَرٰى كَثِيۡرًا مِّنۡهُمۡ يُسَارِعُوۡنَ فِى الۡاِثۡمِ وَالۡعُدۡوَانِ وَاَكۡلِهِمُ
السُّحۡتَ‌ؕ لَبِئۡسَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ‏ ﴿۶۲﴾

(૬૨) અને તું તેઓમાંથી ઘણાઓને એવી હાલતમાં જોશે કે ગુનાહ અને અત્યાચાર કરવામાં અને હરામનો માલ ખાવામાં એક બીજાની સાથે હરીફાઇ કરે છે; ખરેજ તેઓ જે કાંઇ કરે છે તે ઘણું જ ખરાબ કરે છે.

لَوۡلَا يَنۡهٰهُمُ الرَّبّٰنِيُّوۡنَ وَالۡاَحۡبَارُ عَنۡ قَوۡلِهِمُ الۡاِثۡمَ
وَاَكۡلِهِمُ السُّحۡتَ‌ؕ لَبِئۡسَ مَا كَانُوۡا يَصۡنَعُوۡنَ‏ ﴿۶۳﴾

(૬3) અલ્લાહવાળા લોકો તથા વિદ્વાનો તેમને ગુનાહભરી વાત કહેતાં તથા હરામનો માલ ખાતાં

શા માટે અટકાવતા નથી ? ખરેખર તેઓ જે કાંઇ કરે છે તે ઘણું જ દુષ્ટ કાર્ય કરે છે.

وَقَالَتِ الْيَهُوْدُ يَدُ اللّٰهِ مَغْلُوْلَةٌ ؕ غُلَّتْ اَيْدِيْهِمْ وَلُعِنُوْا بِمَا
قَالُوْا ۘ بَلْ يَدٰهُ مَبْسُوْطَتٰنِ ۙ يُنْفِقُ كَيْفَ يَشَآءُ ؕ وَلَيَزِيْدَنَّ
كَثِيْرًا مِّنْهُمْ مَّآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ طُغْيَانًا وَّ كُفْرًا ؕ
وَاَلْقَيْنَا بَيْنَهُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ؕ كُلَّمَآ
اَوْقَدُوْا نَارًا لِّلْحَرْبِ اَطْفَاَهَا اللّٰهُ ۙ وَيَسْعَوْنَ فِي الْاَرْضِ
فَسَادًا ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الْمُفْسِدِيْنَ ﴿٦٤﴾

(૬૪) અને યહૂદીઓ કહે છે કે અલ્લાહનો હાથ બંધાયેલો છે; (પણ) તેમનાજ હાથ બંધાઇ જાય!

અને તેમના પર આ (કહેવા)ના કારણે લાનત થઇ, બલ્કે તે (અલ્લાહ)ના તો બંને હાથ ફેલાયેલા છે, જેવી રીતે ચાહે છે અર્પણ કરે છે અને જે કાંઇ તારા પરવરદિગાર તરફથી તારા પર ઉતારવામાં આવ્યું છે તે તેઓ માંના ઘણાઓની ઉધ્ધતાઇ તથા નાસ્તિકપણાને અવશ્ય વધારી મૂકશે; અને અમોએ તેમની વચ્ચે કયામત સુધી શત્રુતા અને સખ્ત કીન્નાખોરી નાખી દીધાં છે; જ્યારે જ્યારે તેઓ લડાઇની આગ સળગાવે છે ત્યારે ત્યારે અલ્લાહ તેને હોલવી નાખે છે અને તેઓ ભૂમિમાં ફસાદ ફેલાવવાનો પ્રયત્ન કરે છે; અને અલ્લાહ ફસાદ કરનારાઓને દોસ્ત રાખતો નથી.

وَلَوْ اَنَّ اَهْلَ الْكِتٰبِ اٰمَنُوْا وَاتَّقَوْا لَكَفَّرْنَا عَنْهُمْ سَيِّاٰتِهِمْ
وَلَاَدْخَلْنٰهُمْ جَنّٰتِ النَّعِيْمِ ﴿٦٥﴾

(૬૫) અને જો કિતાબ ધરાવનારાઓ ઇમાન લાવતે તથા પરહેઝગાર બનતે તો અમે તેમના ગુનાહ નાબૂદ કરી નાખતે અને તેમને નેઅમતવાળી જન્નતોમાં દાખલ કરતે.

وَلَوْ اَنَّهُمْ اَقَامُوا التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ وَمَآ اُنْزِلَ اِلَيْهِمْ مِّنْ
رَّبِّهِمْ لَاَكَلُوْا مِنْ فَوْقِهِمْ وَمِنْ تَحْتِ اَرْجُلِهِمْ ؕ مِنْهُمْ اُمَّةٌ
مُّقْتَصِدَةٌ ؕ وَكَثِيْرٌ مِّنْهُمْ سَآءَ مَا يَعْمَلُوْنَ ﴿٦٦﴾

(૬૬) અને જો તેઓ તૌરેત તથા ઇન્જીલને તથા જે કાંઇ (સહીફા) તેમના પરવરદિગાર તરફથી

તેમના ઉપર ઉતારવામાં આવ્યા હતા તે (ની આજ્ઞાઓ) કાયમ રાખતે તો તેઓ આસમાન (પર)ની રોઝી પણ ખાતે તથા ઝમીનની પણ; તેઓ માંહેનું એક ટોળું મધ્યમ રીતે ચાલનારૂં છે; અને તેઓ માંના ઘણાં ખરા જે કૃત્યો કરે છે તે દુષ્ટ છે.

يَآَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ ؕ وَاِنْ لَّمْ تَفْعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهٗ ؕ وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿٦٧﴾

(૬૭) અય રસૂલ! જે કાંઇ તારા પરવરદિગાર તરફથી તારી તરફ ઉતારવામાં આવ્યું છે તે

(લોકો સુધી) પહોંચાડી દે; અને જો તેં તેમ ન કર્યું તો જાણે તેં તેનો (કોઇ પણ) સંદેશો પહોંચાડયો જ નહિ; અને અલ્લાહ તને લોકો(ના ત્રાસ)થી સુરક્ષિત રાખશે; નિસંશય અલ્લાહ ઇન્કાર કરનારી કૌમની હિદાયત કરતો નથી.

قُلْ يٰۤاَهْلَ الْكِتٰبِ لَسْتُمْ عَلٰى شَىْءٍ حَتّٰى تُقِيْمُوا التَّوْرٰىةَ
وَالْاِنْجِيْلَ وَمَاۤ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ ؕ وَلَيَزِيْدَنَّ كَثِيْرًا
مِّنْهُمْ مَّاۤ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ طُغْيَانًا وَّكُفْرًا ۚ فَلَا تَاْسَ
عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٦٨﴾

(૬૮) (અય રસૂલ !) તું કહે કે અય કિતાબવાળાઓ! જ્યાં સુધી તમે તૌરેત તથા

ઇન્જીલ તથા જે કાંઇ તમારા પરવરદિગાર તરફથી તમારા પર ઉતારવામાં આવ્યું છે તેને કાયમ નહિ રાખો ત્યાં સુધી તમે કોઇ પણ મુદ્દા (ખરા ધર્મ) પર નથીજ; અને (અય રસૂલ!) જે કાંઇ તારા પરવરદિગાર તરફથી તારા પર ઉતારવામાં આવ્યું છે તે તે (લોકો) માંના ઘણાઓની ઉધ્ધતાઇ તથા નાસ્તિકપણાને અવશ્ય વધારી મૂકશે, માટે ઇમાન નહિ લાવનારા લોકોની દશા પર કાંઇ અફસોસ કરતો નહિ.

إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَادُوا وَالصَّابِئُونَ وَالنَّصَارَىٰ مَنْ
آمَنَ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ وَعَمِلَ صَالِحًا فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا
هُمْ يَحْزَنُونَ ﴿٦٩﴾

(૬૯) નિઃસંશય જેઓ ઇમાન લાવ્યા છે અને જેઓ યહૂદીઓ અને સાબેઇન (સિતારાને પૂજનારા) અને ખ્રિસ્તિઓ છે, જે કોઇ અલ્લાહ તથા કયામતના દિવસ પર ઇમાન લાવશે તથા સત્કાર્યો કરશે તો તેમને ન તો કાંઇ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

لَقَدۡ اَخَذۡنَا مِيۡثَاقَ بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ وَاَرۡسَلۡنَاۤ اِلَيۡهِمۡ رُسُلًا ؕ
كُلَّمَا جَآءَهُمۡ رَسُوۡلٌۢ بِمَا لَا تَهۡوٰٓى اَنۡفُسُهُمۡ ۙ فَرِيۡقًا كَذَّبُوۡا
وَفَرِيۡقًا يَّقۡتُلُوۡنَ۝۷۰

(૭૦) ખરેજ અમોએ બની ઇસરાઇલ પાસેથી વચન લીધું હતું અને તેમની તરફ રસૂલો મોકલ્યા હતા; જ્યારે જ્યારે તેમની પાસે કોઇ એવો રસૂલ (અલ્લાહનો) હુકમ લઇને આવ્યો કે જેને તેમનું મન પસંદ કરતું ન હતું ત્યારે તેમણે કેટલાકને જૂઠલાવ્યા તો કેટલાકને મારી નાખ્યા.

وَحَسِبُوۡۤا اَلَّا تَكُوۡنَ فِتۡنَةٌ فَعَمُوۡا وَصَمُّوۡا ثُمَّ تَابَ اللّٰهُ عَلَيۡهِمۡ
ثُمَّ عَمُوۡا وَصَمُّوۡا كَثِيۡرٌ مِّنۡهُمۡ ؕ وَاللّٰهُ بَصِيۡرٌۢ بِمَا يَعۡمَلُوۡنَ۝۷۱

(૭૧) અને તેમણે એવું ગુમાન કર્યું હતું કે (તેમ કરવા)થી કાંઇ મુસીબત આવશે નહિ, જેથી તેઓ આંધળા અને બહેરા થઇ ગયા; પછી અલ્લાહે તેમની તૌબા કબૂલ કરી લીધી, પછી પણ તેઓ માંના ઘણાય આંધળા તથા બહેરા થઇ ગયા; અને તેઓ જે કાંઇ કરે છે તે અલ્લાહ નિહાળનાર છે.

لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ هُوَ الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ ؕ وَقَالَ الْمَسِيْحُ يٰبَنِيْٓ اِسْرَآءِيْلَ اعْبُدُوا اللّٰهَ رَبِّيْ وَرَبَّكُمْ ؕ اِنَّهٗ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدْ حَرَّمَ اللّٰهُ عَلَيْهِ الْجَنَّةَ وَمَاْوٰىهُ النَّارُ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿۷۲﴾

(૭૨) ખરેખર તે લોકોએ નાસ્તિકપણું કર્યું જેઓ કહે છે કે બેશક અલ્લાહ એજ મરિયમનો પુત્ર મસીહ છે; જોકે મસીહે (પોતેજ) કહ્યું હતું કે બની ઇસરાઇલ! અલ્લાહની ઇબાદત કરો જે મારો પરવરદિગાર છે અને તમારો પણ; બેશક અલ્લાહની સાથે કોઇને શરીક કરશે તેના પર અલ્લાહે જન્નત હરામ કરી દીધી છે અને તેનું ઠેકાણું અગ્નિ છે; અને ઝુલમગારોનો કોઇ મદદગાર થશે નહિ.

لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ ثَالِثُ ثَلٰثَةٍ ۘ وَمَا مِنْ اِلٰهٍ اِلَّآ
اِلٰهٌ وَّاحِدٌ ؕ وَاِنْ لَّمْ يَنْتَهُوْا عَمَّا يَقُوْلُوْنَ لَيَمَسَّنَّ الَّذِيْنَ
كَفَرُوْا مِنْهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۷۳﴾

(૭૩) ખરેખર તે લોકો નાસ્તિક થઇ ગયા કે જેમણે કહ્યું કે નિ:સંશય અલ્લાહ ત્રણ (ખુદા) માંહેનો ત્રીજો (ખુદા) છે, જો કે એકજ માઅબૂદ સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી; અને જે કાંઇ તેઓ કહે છે તેનાથી જો તેઓ અટકશે નહિ તો તેઓમાંથી જે ઇમાન ન લાવશે તેમને ખરેખર દુ:ખદાયક અઝાબ મળશે.

اَفَلَا يَتُوْبُوْنَ اِلَى اللّٰهِ وَيَسْتَغْفِرُوْنَهٗ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۷۴﴾

(૭૪) તેઓ અલ્લાહની તરફ કેમ રજૂ નથી થતાં તથા તેનાથી ક્ષમા કેમ નથી માંગતા ? જો કે અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

مَا الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ
الرُّسُلُ ؕ وَاُمُّهٗ صِدِّيْقَةٌ ؕ كَانَا يَاْكُلٰنِ الطَّعَامَ ؕ اُنْظُرْ كَيْفَ
نُبَيِّنُ لَهُمُ الْاٰيٰتِ ثُمَّ انْظُرْ اَنّٰى يُؤْفَكُوْنَ ۝٧٥

(૭૫) મરિયમનો પુત્ર મસીહ બીજો કોઇ નથી પણ એક રસૂલ છે, જેની અગાઉ ઘણાય રસૂલો થઇ ગયા છે; અને તેની મા (મરિયમ) મહાન સત્ય બોલનારી હતી; બંને ખાવાનું પણ આરોગતા હતા; (હવે) વિચાર કરે કે અમે તેમના માટે (અમારી)

નિશાનીઓ કેટલી સ્પષ્ટ કરીને વર્ણવીએ છીએ છતાં પણ જો કે તેઓ કેવી રીતે બહેકી ચાલ્યા જાય છે !

قُلْ اَتَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَمْلِكُ لَكُمْ ضَرًّا وَّلَا نَفْعًا ؕ وَاللّٰهُ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٧٦﴾

(૭૬) (અય રસૂલ !) તું કહે કે શું તમે અલ્લાહને છોડી તે વસ્તુઓની ઇબાદત કરો છો કે જે તમારા નુકસાન કે લાભ ઉપર મુદ્દલ અધિકાર ધરાવતી નથી? અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

قُلْ يٰٓاَهْلَ الْكِتٰبِ لَا تَغْلُوْا فِيْ دِيْنِكُمْ غَيْرَ الْحَقِّ وَلَا تَتَّبِعُوْٓا
اَهْوَآءَ قَوْمٍ قَدْ ضَلُّوْا مِنْ قَبْلُ وَاَضَلُّوْا كَثِيْرًا وَّضَلُّوْا عَنْ
سَوَآءِ السَّبِيْلِ ﴿٧٧﴾

(૭૭) (અય રસૂલ!) તું કહે, અય કિતાબવાળાઓ તમારા દીનમાં નાહક અતિશયોક્તિ ન કરો તથા તે કૌમની ખાહેશો (ઇચ્છાઓ)ને ન અનુસરો કે જે આ પહેલાં ગુમરાહ થઇ ચૂકી છે, અને (સાથેજ બીજા) ઘણાઓને ગુમરાહ બનાવ્યા છે અને સન્માર્ગથી ભટકી ગઇ છે.

لُعِنَ الَّذِيْنَ كَفَرُوْا مِنْۢ بَنِيْٓ اِسْرَآءِيْلَ عَلٰى لِسَانِ دَاوٗدَ
وَعِيْسَى ابْنِ مَرْيَمَ ۭ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ﴿٧٨﴾

(૭૮) બની ઇસરાઇલમાંથી જેઓ ઇમાન ન લાવ્યા તેમના ઉપર દાઉદ તથા મરિયમના પુત્ર ઇસાના મુખેથી લાઅનત કરવામાં આવી; તે એ માટે કે તેઓ નાફરમાની તથા અત્યાચાર કરતા હતા.

كَانُوْا لَا يَتَنَاهَوْنَ عَنْ مُّنْكَرٍ فَعَلُوْهُ ؕ لَبِئْسَ مَا كَانُوْا يَفْعَلُوْنَ ﴿٧٩﴾

(૭૯) જે બદી તેઓ કરતા હતા તેનાથી એક બીજાને તેઓ અટકાવતા ન હતા; (અને) ખરેખર તેઓ જે કાંઇ કરતા હતા તે ઘણુંજ ખરાબ હતું.

تَرٰى كَثِيْرًا مِّنْهُمْ يَتَوَلَّوْنَ الَّذِيْنَ كَفَرُوْا ؕ لَبِئْسَ مَا
قَدَّمَتْ لَهُمْ اَنْفُسُهُمْ اَنْ سَخِطَ اللّٰهُ عَلَيْهِمْ وَفِي الْعَذَابِ
هُمْ خٰلِدُوْنَ ﴿٨٠﴾

(૮૦) તેઓમાંથી ઘણા લોકોને તું નાસ્તિકોના મિત્ર બનતા જોશે; અને જે (વસ્તુઓ) તેમના આત્માઓએ તેમના માટે આગળ મોકલી છે તે ખરેખર બૂરી છે કે (જેથી) અલ્લાહ તેમનાથી નારાજ થયો અને તેઓ અઝાબમાં હંમેશ માટે રહેનાર છે.

وَلَوْ كَانُوْا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالنَّبِيِّ وَمَاۤ اُنْزِلَ اِلَيْهِ مَا اتَّخَذُوْهُمْ
اَوْلِيَآءَ وَلٰكِنَّ كَثِيْرًا مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿٨١﴾

(૮૧) અને જો તેઓ અલ્લાહ પર તથા તેના નબી પર તથા જે કાંઇ તેના પર ઉતારવામાં આવ્યું છે તેના પર ઇમાન લાવ્યા હોત તો તેમને મિત્ર બનાવતે નહિ, પરંતુ તેઓ માંના ઘણા ખરા નાફરમાન છે.

لَتَجِدَنَّ اَشَدَّ النَّاسِ عَدَاوَةً لِّلَّذِيْنَ اٰمَنُوا الْيَهُوْدَ وَالَّذِيْنَ
اَشْرَكُوْا ۚ وَلَتَجِدَنَّ اَقْرَبَهُمْ مَّوَدَّةً لِّلَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ قَالُوْٓا
اِنَّا نَصٰرٰى ؕ ذٰلِكَ بِاَنَّ مِنْهُمْ قِسِّيْسِيْنَ وَرُهْبَانًا وَّاَنَّهُمْ لَا
يَسْتَكْبِرُوْنَ ﴿۸۲﴾

(૮૨) (અય રસૂલ !) મોઅમીનોના સૌથી કટ્ટર શત્રુ તું યહુદીઓ તથા મુશરીકોને જોશે, અને તેઓમાંથી

મોઅમીનોના વધારે મિત્રો તે લોકોને જોશે કે જેઓ કહે છે કે અમે ખ્રિસ્તી છીએ; આ એ માટે કે તેઓ માંના કેટલાક વિદ્વાનો છે તથા કેટલાક દુરવેશો (સંસાર ત્યાગી) છે અને (વળી) આ કે તેઓ અભિમાન કરતા નથી.